

ઝાડની સાથે દોસ્તી મારે
પાનની સાથે દોસ્તી,
હર્યાંભર્યાં પંખીઓનાં ગાનની સાથે દોસ્તી,
દરિયા સાથે દોસ્તી મારે
કાંઠા સાથે દોસ્તી,
ગળ્યાંગળ્યાં શેરડીઓના સાંઠા સાથે દોસ્તી,
કૅરમ સાથે દોસ્તી મારે
કોડી સાથે દોસ્તી,
રંગરંગના કાગળની હોડી સાથે દોસ્તી,
મમ્મી સાથે દોસ્તી મારે
પપ્પા સાથે દોસ્તી,
સૌથી મારાં ગળ્યાંગળ્યાં ગપ્પાં સાથે દોસ્તી

- સુરેશ દલાલ








નિર્માણ

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭, ગાંધીનગર.

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર


# કલશોર

(ગુજરાતી - પ્રથમભાષા)

## ધોરણ 3

## સ્વઅધ્યયનપોથી

(લર્નિંગ લૉસ-બ્રિજકોર્સ)









વિદ્યાર્થીનું નામ ______________________

શાળાનું નામ ______________________

● અવલોકન કરી તફાવત શોધો.





# ઓનલાઈન શિક્ષણ મેળવવા માટેના માધ્યમ

**સમગ્ર શિક્ષા વેબસાઈટ : ssagujarat.org/StudyFromHome.html**




ગુજરાત સરકાર દ્વારા બાઈસેગ-વંદે ગુજરાતની વિવિધ ધોરણવાર ૧૬ ચેનલ વડે શૈક્ષણિક કાર્યક્રમનું પ્રસારણ

BISAG-N www.vande.gujarat.gov.in VANDE GUJARAT

બાઈસેગ પ્રસારણ જોવા માટે DTH ડિશ લગાવવાથી દૂરદર્શન કેન્દ્ર તેમજ બાઈસેગની તમામ ચેનલો ફ્રીમાં જોઈ શકાય છે.
DTH ડિશ નજીવા ખર્ચે લગાવી શકાય છે.

| DIKSHA | YouTube | Facebook |
|---|---|---|
| https://diksha.gov.in/ | Gujarat e-Class Samagra Shiksha | Gujarat E Class |

# કલશોર

(ગુજરાતી - પ્રથમભાષા)

# ધોરણ ૩

## સ્વઅધ્યયનપોથી

(લર્નિંગ લૉસ-બ્રિજકોર્સ)

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈ-બહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

નિર્માણ

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭, ગાંધીનગર.

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

**માર્ગદર્શન**
શ્રીમતી જયશ્રી દેવાંગન (IAS)
(એએસપીડી, સમગ્ર શિક્ષા)
શ્રી પ્રકાશ ત્રિવેદી
(સચિવ, સમગ્ર શિક્ષા)
શ્રી વી. આર. ગોસાઈ
(સચિવ, GCERT)
ડૉ. અશોકભાઈ એન. ચૌધરી

**નિર્માણ-સંયોજન**
ડૉ. અખિલ ડી. ઠાકર
શ્રી નરેન્દ્રભાઈ એન. રાવલ
ડૉ. ભાર્ગવ ઠક્કર

**કન્વીનર**
શ્રી રશ્મિકાબેન એસ. મોદી

**સંપાદન - સંકલન**
શ્રી અનિલભાઈ ઉપાધ્યાય
શ્રી ધર્મેશ રામાનુજ

**લેખન**
શ્રી હર્ષવી પટેલ
શ્રી સંજ્ઞાબેન આચાર્ય
શ્રી પ્રકાશભાઈ એમ. પ્રજાપતિ
શ્રી હિતેશકુમાર વી. નાયક

**સમીક્ષા**
ડૉ. લીનાબેન ઉપાધ્યાય
શ્રી દક્ષાબેન ખડાયતા
શ્રી મહંમદરફીક મન્સુરી
શ્રી મહેન્દ્રભાઈ મકવાણા
શ્રી પ્રજ્ઞેશ વ્યાસ
શ્રી કુલદીપસિંહ આર. ચૌહાણ
શ્રી રીઝવાનાબેન મિરઝા
શ્રી મિનેશભાઈ વાળંદ

**મુદ્રણ આયોજન**
શ્રી મનીષ એચ. બધેકા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

વિદ્યાર્થીમિત્રો, શાળા શરૂ થયા બાદ આપની શાળાના વર્ગમાં જે તે વિષયનું શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયું હશે. પાછલાં વર્ષોમાં શાળામાં કેટલાક મહિનાઓ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રહેલું અને તેના પરિણામે વર્ગમાં અભ્યાસ માટેના દિવસો પણ બહુ ઓછા મળેલા. આ બાબતને ધ્યાનમાં રાખી નવા વર્ષે અગાઉના ધોરણ અને અભ્યાસક્રમમાં વેશ પામીએ તે પહેલાં આ સ્વઅધ્યયનપોથી સાથે ગત વર્ષોની શીખેલી બાબતો મહાવરા તરીકે અહીં મૂકવામાં આવી છે. અહીં ગુજરાતી વિષયમાં અગાઉનાં ધોરણમાં શીખેલી ભાષાની અગત્યની બાબતોને ધ્યાને લઈ તેની વૃત્તિઓ આપવામાં આવી છે.

ભાષા એ બોલવા સાથે લખવા-વાંચવા અને અભિવ્યક્તિના માધ્યમ તરીકે ઉપયોગી છે. ભાષામાં મૂળાક્ષરથી લઈને શબ્દો, વાક્યોને ક્રમમાં લખવા-વાંચવા સુધીની ક્રિયાનો સમાવેશ થાય છે. અહીં ગત વર્ષને ધ્યાને લઈ ભાષાશિક્ષણમાં થયેલ ‘લર્નિંગ લૉસ’ ને પહોંચી વળવા માટે નિર્માણ થયેલ વાંચન-લેખન સામગ્રી અંતર્ગત ગુજરાતી વિષયમાં અર્થગ્રહણ, સ્વતંત્રલેખન, તાર્કિક ચિંતન, સર્જનાત્મક લેખન અને વ્યાવહારિક વ્યાકરણ આધારિત વૃત્તિઓ મૂકી છે.

ધોરણ ૩ થી ૫ ના વિદ્યાર્થી તરીકે તમારામાં ભાષાનો વિકાસ અને સર્જન થાય તે માટેનો યાસ થાય તેવી વૃત્તિઓ પસંદ કરવામાં આવી છે. અહીં વૃત્તિ કરવા માટે ફકરામાં ખૂટતા શબ્દોનું લેખન, અર્થગ્રહણ આધારિત શ્નો, યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂર્તિ, શબ્દનિર્માણ, શબ્દોનો વાક્યયોગ, શબ્દ સાથે જોડાઈને લખાતા ત્યયો, કાવ્ય રસાસ્વાદ, ટિકિટ, ટ્રાફિક સિગ્નલ, જાહેરાત, બૅનર, બૉર્ડ, સમયપત્રક આધારિત પ્રશ્નોત્તરી, ચિત્ર આધારિત શ્નોત્તરી, સ્વતંત્રલેખન, વ્યાવહારિક વ્યાકરણ અંતર્ગત સમાનાર્થી - વિરુદ્ધાર્થી શબ્દો, શબ્દ આધારિત વાક્યરચના, મનોશારીરિક વૃત્તિઓ જેવી યુક્તિઓનો આધાર લેવાયો છે.

જેમ કે, અહીં આપેલી ટિકિટ પરથી માહિતીની વિગતો તારવવાની વૃત્તિ દ્વારા તમને સમજણપૂર્વકનું અર્થગ્રહણ ચકાસવાનો મહાવરો મળશે. ઉપરાંત નવા શબ્દો ઉપયોગમાં લઈને તમારી ભાષામાં નવું સર્જન થાય તેવી સંભાવના રહેલી છે. એટલે કે અહીં આપેલી મહાવરાની દરેક બાબતમાંથી તમારી ભાષાનો વિકાસ થતો રહે તેવી સંભાવના ધ્યાને રાખી છે.

અહીં ભાષામાં આપેલી વૃત્તિઓમાં શ્નોત્તરી, શબ્દો પરથી વાક્યલેખન, ખાલી જગ્યામાં યોગ્ય શબ્દની પૂર્તિ, વાતચીત, ચિત્રવર્ણન, ચિત્ર પરથી લેખન, શબ્દસર્જન જેવી ભાષાસજ્જતા, યોગ્ય વિકલ્પ પસંદગી, ઉદાહરણ મુજબ વાક્યરચના, કોષ્ટક પરથી શબ્દલેખન, શબ્દોનો વાક્યયોગ, સમાનાર્થી-વિરુદ્ધાર્થી શબ્દલેખન, શબ્દો પરથી નવા શબ્દોનું સર્જન જેવી બાબતો આગળના ધોરણમાં વધુ શીખવા માટે સહાયક બનશે તેમ માનીને આપી છે.

વિદ્યાર્થીમિત્રો, શક્ય છે કે તમને ભાષાની વૃત્તિઓ માત્ર વાંચન-લેખન માટે જ ઉપયોગી જણાય, પરંતુ તમારાં રોજિંદા જીવનમાં પણ ભાષા સારી રીતે બોલવા, વાંચવા, અર્થગ્રહણ તેમજ વ્યાવહારિક ઉપયોગ માટેનો યત્ન કર્યો છે.

શ્રદ્ધા છે કે ભાષા માટેના મહાવરાની આ વૃત્તિઓ ભાષાશિક્ષણને બળવત્તર કરશે.

**ડૉ. પી. એ. જલુ**
નિયામક,
જીસીઈઆરટી,
ગાંધીનગર

**ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)**
સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા,
ગાંધીનગર

# શિક્ષક-વાલી જોગ સંદેશ

ગત વર્ષોમાં શાળામાં-વર્ગખંડમાં જે તે વિષયનું શિક્ષણ પ્રાપ્ત કરવામાં વિદ્યાર્થીઓએ મુશ્કેલી અનુભવી હશે. જો કે શિક્ષણ વિભાગ દ્વારા 'શાળા બંધ છે, પણ શિક્ષણ નહિ' તે ધ્યેયને મંત્રસ્વરૂપે અનુસરી વર્ચ્યુઅલ માધ્યમથી શિક્ષણ આપવાનું અદ્વિતીય કાર્ય ચાલુ જ રહ્યું હતું. આ સિદ્ધિને કારણે આજે આપણે આપણા વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં મોકલવા માટે સક્ષમ થઈ શક્યા છીએ.

અહીં આપણે આપણા વિદ્યાર્થીઓને ગત વર્ષે શિક્ષણ અંતરાય દરમ્યાન ઊભી થયેલી અધ્યયન ખોટ (લર્નિંગ લૉસ)ને ધ્યાને લઈ તેના નવા વર્ષના પ્રારંભે કેટલીક મહાવરાની બાબતો આપીને તેને આગળના ધોરણના અભ્યાસ માટે સજ્જ કરવાનો પ્રયાસ કરવા તરફ જઈ રહ્યા છીએ. સામાન્ય રીતે લર્નિંગ લૉસ એટલે અધ્યયનની એવી ખોટ/કચાશ કે જેમાં શીખેલું ભૂલી જવું, ઓછું શીખવાનું કે શીખેલું બરાબર યાદ ન રહેવું. આવું થવાનું કારણ પણ સાહજિક છે, આ કોઈ એવી ખોટ નથી કે જે પૂરી ન શકાય. લર્નિંગ લૉસની પૂર્તતા કરવા માટે વધુ મહાવરો અને શીખેલી સંકલ્પનાઓ પુનઃ યાદ કરાવવાનો પ્રયાસ કરવો પડે, જે અહીં આપણે કરવાના છીએ.

અહીં લર્નિંગ લૉસની પૂર્તિ માટે આપેલા મહાવરામાં મુખ્ય ત્રણ બાબતોની કાળજી લેવાઈ છે. **પ્રથમ** વિદ્યાર્થીઓને અગાઉના ધોરણના વિષયને અનુરૂપ વિષયવસ્તુનો પુનઃ પરિચય થાય તેવી બાબતો અપાઈ છે. **બીજું**, અપાયેલા દરેક મહાવરા માટે એવી બાબતોનો આધાર લેવાયો છે જેની સંકલ્પનાઓ ધોરણ ૩ થી ૫ માટે પાયારૂપ હોય. આ બાબતો અગાઉના ધોરણના વિષયવસ્તુની સંકલ્પનાને વધુ દૃઢ બનાવી તેને શીખવા માટે સરળતા રહે તેવું વાતાવરણ નિર્માણ કરશે. **ત્રીજું**, અભ્યાસક્રમનો પ્રારંભ થાય તે પહેલાં વિદ્યાર્થીઓના પ્રવર્તમાન શૈક્ષણિક સ્તરનું સાર્વત્રિક મૂલ્યાંકન પણ થઈ શકે. આવું કરવાથી વર્ગ કે વિષયશિક્ષક વિદ્યાર્થીઓનું સ્તર માપીને નવી બાબત શીખવવાની શરૂઆત કરે તે પહેલાં તેને કયા પ્રકારનું આયોજન કરવું ? કેવી પદ્ધતિનો સહારો લેવો? કઈ કઈ પ્રયુક્તિઓને આયોજનમાં સમાવિષ્ટ કરવી તેનો ખ્યાલ આવે. આનાથી અગાઉના વર્ષની અધ્યયન ખોટ (લર્નિંગ લૉસ)ની અસર હાલના ધોરણમાં ન પડે.

શિક્ષણ અવિરત ચાલતી પ્રક્રિયા છે, તે માત્ર વર્ગખંડ, સમયપત્રક કે વિષયમાં જ બંધાયેલું રહેતું નથી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર શિક્ષણનાં અધ્યયન બિંદુઓને શીખવવા માટે પ્રશ્નોત્તરી, પ્રવૃત્તિ, અવલોકન, પ્રૉજેક્ટ, સર્વે જેવી વિવિધ પ્રયુક્તિઓનો સહારો લેવાનો છે. અહીં નિર્માણ થયેલી મહાવરાની વિવિધ સામગ્રીમાં આ બધી જ બાબતોને કાળજીપૂર્વક ધ્યાનમાં લેવાયેલી છે. આ સામગ્રીના મહાવરા માટે નીચે મુજબની કેટલીક બાબતોને ધ્યાનમાં રાખીશું તો આપણા વિદ્યાર્થીઓ અપેક્ષિત શૈક્ષણિક ક્ષમતા કેળવી શકશે અને નવા શૈક્ષણિક વર્ષના અભ્યાસક્રમને સારી રીતે સમજીને શીખવાનું શરૂ કરી શકશે.

- મહાવરા માટે આપેલી દરેક બાબતમાં પ્રવૃત્તિઓ પણ સમાવિષ્ટ હોવાથી પ્રવૃત્તિ માટે પૂરતો સમય આપવો.
- મહાવરાની પ્રવૃત્તિઓમાં લખવા-વાંચવા સાથે જૂથ અને સમૂહમાં પ્રવૃત્તિઓ પ્રૉજેક્ટ કાર્ય જેવી વિવિધ બાબતોનો સમાવેશ કરેલો હોઈ તેને પણ શીખવાનો અગત્યનો ભાગ માનીને તે કરવા માટે પૂરતો સમય અને સ્વતંત્રતા આપવી.
- મહાવરાની આ પ્રવૃત્તિઓ દરમ્યાન વિદ્યાર્થીને તેનાં મિત્ર, કુટુંબીજનો અને અન્ય લોકોની જરૂર પડે તેવું આયોજન હોવાથી તેને પ્રવૃત્તિ માટે અન્ય સાથે કામ કરવાની છૂટ આપવી.
- મહાવરાની આ પ્રવૃત્તિઓ શાળા અને ઘર બંને જગ્યાએ એક સાથે ચાલે તે માટેનું આયોજન વિદ્યાર્થીઓને સતત જણાવતા રહીને તેમને આગળના અભ્યાસ માટે પણ જોડવાના છે તેનો ખ્યાલ રાખવો.
- મહાવરાની આ પ્રવૃત્તિઓ અભ્યાસક્રમ સાથે સંકળાયેલી હોવાથી તેને માત્ર મનોરંજન સ્વરૂપે ન માની લેતાં વિદ્યાર્થીઓ ગંભીરતાથી તે કરે અને તેમાંથી શીખે તેવું આયોજન કરવું.
- મહાવરાની આ સંપૂર્ણ પ્રક્રિયા લર્નિંગ લૉસને પહોંચી વળવા માટેની હોવાથી વર્ગનો દરેક વિદ્યાર્થી દરેક અધ્યયન

નિષ્પત્તિનીપ્રવૃત્તિમાંસમાનસ્તરેપહોંચેતેમાટેપ્રયાસકરવો.

- લર્નિંગ લૉસ એ અધ્યયન કચાશ(ખોટ) પૂરી કરવાનો પ્રયાસ હોવાથી શિક્ષક સાથે વાલી, શિક્ષિત મોટા ભાઈ-બહેનઅનેઉપલાધોરણનામિત્રોપણવિદ્યાર્થીનેમદદકરેતેઈચ્છનીયછે.
- સ્વઅધ્યયનપોથી સાથે આપેલી મહાવરાની વિવિધ પ્રવૃત્તિઓ વર્ષની શરૂઆતમાં કરવાથી ધોરણ ૩ થી ૫ ના અભ્યાસક્રમનીસંકલ્પનાઓસમજવીસરળબનીરહેતેવોપ્રયાસકરવામાટેવર્ગમાંબનેતેટલોવધુસમયમહાવરા માટેઆપવાનુંઆયોજનકરવું.
- મહાવરામાં અગાઉના ધોરણની એવી બાબતોનો સમાવેશ કરાયો છે, જેનાથી ધોરણ ૩ થી ૫ના વિષયવસ્તુની સંકલ્પનાસમજવાનુંસરળબનેછે, તેનેધ્યાનેલઈપ્રવૃત્તિઓકરાવતાસમયેતેપૂરેપૂરીરીતેશીખીજાયતેનીકાળજી લેવાયતેજોવું.
- વિદ્યાર્થીઓએ લખેલી પ્રવૃત્તિઓની સમયસર ચકાસણી કરી તેની સારી અને સુધારાત્મક બાબતોનું વ્યક્તિગત માર્ગદર્શનઆપવું ઈચ્છનીયછે.
- આપેલી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીની સમજ અને સંકલ્પનાના વિકાસ માટે હોવાથી વર્ગના વિદ્યાર્થીઓ LO આધારિત એક-બે પ્રવૃત્તિઓ બાદ તેને સમજી શકયા છે તેવું જણાય તો તે પૈકીની અન્ય પ્રવૃત્તિઓ ગૃહકાર્યમાં આપી શકાય, જેથીવર્ગમાંઅન્યLO આધારિતપ્રવૃત્તિઓકરવામાંપૂરતોસમયમળીશકે.
- આપેલીપ્રવૃત્તિઓનીસમજમાટેચિત્રો, સાધન-સામગ્રીઅનેઅન્યસહાયકસંદર્ભનોઆધારલેવાયોછેતેનેધ્યાને લઈતેવીપ્રવૃત્તિઓમાટેતેસંદર્ભિતસામગ્રીનીસમજમળીરહેતેવુંઆયોજનહાથધરવું.
- અહીં પસંદ થયેલી મોટાભાગની પ્રવૃત્તિઓ ધોરણ ૩ થી ૫ના અભ્યાસક્રમને વધુ બળવત્તર બનાવવાના હેતુસર આપેલી હોવાથી વર્ગના તમામ વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિઓની સંકલ્પના અને સમજ કેળવે તે માટે પ્રવૃત્તિ દરમ્યાન પૂરતું માર્ગદર્શનઅનેપરોક્ષમૂલ્યાંકનકરતાંરહેવું.
- અહીં આપવામાં આવેલ પ્રવૃત્તિઓ માત્ર જે તે LO માં સમાવિષ્ટ સંકલ્પનાના મહાવરા માટે આપેલ છે. વર્ગમાં જરૂરીમહાવરામાટેઆપ્રકારનીવધુપ્રવૃત્તિઓનોવિકાસકરીતેનોપણમહાવરોકરાવીશકાય.
- ગણિત, વિજ્ઞાન અને ભાષાની પ્રવૃત્તિઓ તેના વિષયની નવી સંકલ્પનાઓ સરળ કરવા માટે હોવાથી તેનો પૂરતો મહાવરોથાયતેમાટેવર્ગનુંસમયપત્રકવિષયવારગોઠવીતેમુજબકાર્યથાયતેજોવું.

**પ્રકાશ ત્રિવેદી**
સચિવ,સમગ્રશિક્ષા,
ગાંધીનગર

## ચાલો યાદ કરીએ અંતર્ગત સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓની યાદી

G103 ચિત્રનું વર્ણન કરે છે.

G108 વિગતને અનુરૂપ મૌખિક અને લેખિત જવાબ આપે છે.

G111 શબ્દો અને વાક્યો લખે છે.

G120 વાર્તાની ઘટનાઓના ક્રમ સમજે છે.

G205 સાંભળેલી અને વાંચેલી વિગતોમાંથી મુખ્ય વિચાર સમજે છે.

G206 વિગતને અનુરૂપ પ્રશ્નોના મૌખિક અને લેખિત જવાબ આપે છે.

G207 જોડાક્ષર સહિતના શબ્દો અને વાક્યો (અનુલેખન અને શ્રુતલેખન) લખે છે.

G208 નવા શબ્દોના અર્થ જાણે છે.

G216 શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડી સરળ / ટૂંકાં વાક્યો લખે છે.

G217 વાર્તાની ઘટનાઓનો ક્રમ સમજે છે.

G219 વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે.

# અનુક્રમણિકા

● પ્રથમસત્ર


■ ચાલો યાદ કરીએ ........................................ ૧

૧. વાંદરાને વાંચતાં ન આવડે ........................................ ૨૮

૨. પોટલાં ટપકે ટપ્પ ........................................ ૩૩

૩. હું પતંગિયું મારા પિલ્લુનું ........................................ ૪૧

૪.  પાછળ  ........................................ ૪૭

૫. કોરો કાચબો અને ભીનો ચાંદો ........................................ ૫૩


● દ્વિતીયસત્ર


૬. બતક અને અથવા પણ હંસ ........................................ ૫૯

૭. એક છલાંગે દરિયો કૂદો ........................................ ૬૩

૮. કીડી હતી કે હાથી હશે ?........................................ ૬૮

૯. રંગબેરંગી મસાલિયું ........................................ ૭૨

૧૦. ચાલો સૌને રમત મુબારક........................................ ૭૬

# ચાલો યાદ કરીએ


## G103 ચિત્રનું વર્ણન કરે છે.

◆ **સમજ :**

વિદ્યાર્થીઓ આવી પ્રવૃત્તિ તમે કરેલી હશે. જેમાં ચિત્ર જોઈને એ ચિત્ર વિશે બીજા કોઈને કહેવું. ચિત્ર વિશે કહેવા માટે આપણે એ ચિત્રને ધ્યાનથી જોવું પડે. તેમાં કઈ-કઈ ચીજવસ્તુઓ છે તેની યાદી પણ કરવી પડે અને પછી તમામ શબ્દનો ઉપયોગ કરીને આપણે આખા ચિત્ર વિશે બીજાને સરળતાથી કહી અથવા લખી પણ શકીએ છીએ. બીજાને ચિત્ર વિશે કહેવું કે ચિત્રનું લેખિતમાં વર્ણન કરવું એટલે જ ચિત્રવર્ણન. ચાલો, આપણે એક ચિત્ર જોઈએ. તેનું વર્ણન કઈ રીતે કરી શકાય તે શીખીએ.

| કેળું | પપૈયું | ગાજર | મકાઈ |
|---|---|---|---|

રીંગણ




છત્રી

વિમાન

| | દાદા | કાબર | બકરી |
|---|---|---|---|

બાળદોસ્તો, અહીં તમે જોઈ શકો છો કે, કેટલાંક ચિત્રો આપેલાં છે અને સાથે જ તેમનાં નામ પણ છે. તમે બધાં જ ચિત્રોને ઓળખતાં જ હશો. આ ચિત્રોને શબ્દો સાથે જોડવાના છે અને જોડ્યા પછી તેના વિશે બે-ત્રણ વાક્યો કઈ રીતે લખી કે બોલી શકાય તે પણ શીખીશું.




ઉદાહરણમાં વિમાન શબ્દને તેના ચિત્ર સાથે જોડેલ છે. હવે આપણે આવું પણ કહી શકીએ / લખી શકીએ કે 'વિમાન ઊડે છે.' આ જ પ્રકારે શબ્દ અને ચિત્ર જોડો અને વાક્ય લખો.

આ જ રીતે વિમાન વિશે બીજાં વાક્યો પણ લખી શકાય. જેમ કે, વિમાન મોટું છે.

વિમાન આકાશમાં ઘરર ઘરરર કરતું ઊડે છે.


## ◆ મહાવરો ૧. આપેલ ચિત્રને ઓળખી ખૂટતા અક્ષરો લખી ચિત્રનું સાચું નામ લખોઃ



| | | |
|---|---|---|
| | | ળ |



| | | | |
|---|---|---|---|
| | | બો | |



| | | | |
|---|---|---|---|
| | સ | | |



| | | | |
|---|---|---|---|
| અ | | | |



| | | |
|---|---|---|
| કા | | ર |



| | | | |
|---|---|---|---|
| | | | દ |

## ◆ મહાવરો ૨. ચિત્ર જોઈ નામ લખોઃ


_______________


_______________


_______________


_______________


_______________


_______________


_______________


_______________

## ◆ મહાવરો ૩. ચિત્ર જોઈ નામ લખોઃ




ડૉક્ટર













## ◆ મહાવરો ૪. ચિત્રનું અવલોકન કરો અને આપેલ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવોઃ



મમ્મી - ____________________


તપેલી - ____________________

કપ-રકાબી - ____________________

થાળી - ____________________

માટલું - ____________________

## ◆ મહાવરો ૫. ચિત્રના આધારે વાક્યો લખોઃ



## મહાવરો ૬. ચિત્રને બંધબેસતા વાક્ય સાથે જોડો.




મોહનભાઈને રસ્તો ઓળંગવો છે.



છોકરાઓ એમને સાચવીને રસ્તો ઓળંગવામાં મદદ કરે છે.



મોહનભાઈ છોકરાઓનો આભાર માને છે.



કલ્પેશ અને કેવલ ક્રિકેટ રમે છે.

◆ મહાવરો ૭. ચિત્રના આધારે વાક્યો લખોઃ



## G108 વિગતને અનુરૂપ મૌખિક અને લેખિત જવાબ આપે છે.

## G206 વિગતને અનુરૂપ પ્રશ્નોના મૌખિક અને લેખિત જવાબ આપે છે.

### ◆ સમજ :

વિદ્યાર્થીમિત્રો, તમે અત્યાર સુધીમાં ઘણાંબધાં ચિત્રો જોયાં હશે. તેનું વર્ણન કરતાં શીખ્યાં હશો. ઘણીબધી વાર્તાઓ, ઘટનાઓ સાંભળી હશે. જોઈ હશે. તમે જોયેલી કે સાંભળેલી કે વાંચેલી વિગત / માહિતીને સમજીને તેના માટે પૂછાયેલા પ્રશ્નોના મૌખિક કે લેખિત જવાબ આપતા જ હશો પરંતુ અહીં તમે પૂરા વાક્યમાં જવાબ આપતા શીખશો.

અહીં નીચે એક ફકરો આપેલ છે. તે ફકરો વાંચીને સમજવાનો છે. ફકરાને લગતાં કેટલાક પ્રશ્નો નીચે આપેલા છે જેના જવાબ સીધા ફકરામાંથી પણ હોઈ શકે. તમે વિચારીને પણ આપી શકો છો.

''બિલાડી મ્યાંઉ મ્યાંઉ કરતી ઘરમાં આવી બચ્ચાં એનો અવાજ સાંભળી એ તરફ દોડવા લાગ્યાં. બિલાડીનું ધ્યાન પણ એમના તરફ ગયું. બધાં બચ્ચાં બિલાડીને તરત જ વળગી પડ્યાં.

(૧) આપેલા ફકરામાં કયા પ્રાણીની વાત છે.

જ. આપેલા ફકરામાં બિલાડીની વાત છે.

(૨) બચ્ચાં કેમ દોડવા લાગ્યાં ?

જ. ______________________

(૩) બચ્ચાં તેની મા ને શા માટે વળગી પડ્યાં ?

જ. ______________________

(૪) તમારા ઘરમાં કે ફળિયામાં બીજા કયાં-કયાં પ્રાણીઓ છે ?

જ. ______________________

(૫) બિલાડીનું ધ્યાન બચ્ચાં તરફ કેવી રીતે ગયું ?

જ. ______________________

### ◆ મહાવરો ૧. ચિત્ર જોઈને પ્રશ્નોના જવાબ લખોઃ



(૧) આ ચિત્ર શાનું છે ?

(૨) ચિત્રમાં કેટલાં બાળકો છે ?

(૩) છોકરીઓ શું કરી રહી છે ?

(૪) તમે કઈ-કઈ રમતો રમો છો ?

(૫) તમને સૌથી વધુ કઈ રમત ગમે છે ?

## ◆ મહાવરો ૨. વાર્તા વાંચી પ્રશ્નોના જવાબ લખોઃ

### મગર

નદીકિનારે એક ઝાડ હતું. તેના પર એક ચકલી રહેતી હતી. નજીકમાં એક છોકરો રહેતો હતો. બંને દોસ્ત હતાં. બંને સાથે રમતાં હતાં.

નદીમાં એક મગર રહેતો હતો. મગરે કહ્યું, ''હું તમારી સાથે રમું ?'' બંનેએ ના પાડી દીધી. મગર નારાજ થઈ ગયો. એક દિવસ મગરે છોકરાનો પગ પકડી લીધો. ચકલી બોલી, ''એને છોડી દો'' મગર બોલ્યો, ''મારી સાથે દોસ્તી કરશો ?'' બંનેએ મગરની વાત માની લીધી પછી ત્રણેય દોસ્ત બની ગયાં.

(૧) આ વાર્તામાં કોની-કોની વાત છે ?

(૨) મગર નદીમાં કેમ રહેતો હતો ?

(૩) મગરે 'હું તમારી સાથે રમું ?' એવું કોને પૂછ્યું ?

(૪) મગરે છોકરાનો પગ શા માટે પકડી લીધો ?

(૫) ચકલી અને છોકરો દોસ્ત કેવી રીતે બન્યાં હશે ?

(૬) પાણીમાં અને જમીન પર રહી શકે તેવાં પ્રાણીઓનાં નામ લખો.

## ◆ મહાવરો ૩. ફકરો વાંચી પ્રશ્નોના જવાબ આપોઃ

ઊંટ પાણી પીધા વિના લગભગ સાત મહિના સુધી જીવી શકે છે. કેટલાંક અઠવાડિયાં પાણી વગર રહ્યા પછી ઊંટ દસ જ મિનિટમાં લગભગ ૧૩૫ (એકસો પાંત્રીસ) લિટર જેટલું પાણી પી શકે છે. તે પછી તે ફરીથી લાંબા રણ-પ્રવાસ માટે તૈયાર થઈ જાય છે.

## ◆ સાચા જવાબ પર ખરાની (✓) નિશાની કરોઃ

૧. ઊંટ લગભગ કેટલા સમય સુધી પાણી વગર રહી શકે છે.

(અ) ૧૦ મિનિટ (બ) ૭ દિવસ

(ક) ૭ અઠવાડિયા (ડ) ૭ મહિના

૨. સામાન્ય રીતે ઊંટ કેવો પ્રવાસ કરતું હોય છે ?

(અ) રણનો પ્રવાસ (બ) બરફમાં પ્રવાસ

(ક) પહાડી-પ્રવાસ (ડ) દરિયાઈ પ્રવાસ

૩. ઊંટને સૌથી વધુ પાણી પીવાવાળું કહેવામાં આવે છે કારણ કે,

(અ) તે મોટું પ્રાણી છે. (બ) તે લાંબા પ્રવાસ પર જાય છે.

(ક) તે એકસાથે વધારે પાણી પી શકે છે. (ડ) તે મોટી ટાંકીમાંથી પાણી પીએ છે.

*

## G1-11 શબ્દો અને વાક્યો લખે છે.

### ◆ સમજ

વિદ્યાર્થીમિત્રો, તમે જોઈને અનુલેખન કરતાં શીખી જ ગયાં છો. પરંતુ શું તમે તમામ અક્ષરોની વચ્ચે યોગ્ય જગ્યા છોડો છો ? તમારા બધા અક્ષર એકસરખા હોય છે જો ના, તો આપણે યોગ્ય મરોડદાર લખાણ લખતાં શીખવું જોઈએ.

અહીં આપણે કેટલાક શબ્દો અને વાક્યોનું લેખન કરવાનાં છીએ. શબ્દો અને વાક્યો તમારે વાંચવાના છે અને ઉદાહરણ મુજબ જ ફરીથી સ્વચ્છ તથા સુવાચ્ય અક્ષરે લખવાના છે.

ઉદાહરણ : વરસાદ વરસાદ ઘડિયાળ ઘડિયાળ

વેદ સરસ રમે છે.

વેદ સરસ રમે છે.

### ◆ મહાવરો ૧. વાંચો અને લખો:

| | | | |
|---|---|---|---|
| ગરમ | ________ | ગીતા | ________ |
| મગર | ________ | છીણી | ________ |
| ગાજર | ________ | કિનારી | ________ |
| વાનર | ________ | બાજરી | ________ |
| મેદાન | ________ | સવારે | ________ |
| ટેબલ | ________ | હથોડી | ________ |
| ટપાલી | ________ | કોતર | ________ |
| ચૈતર | ________ | ઢોલક | ________ |
| અનાડી | ________ | ઢોકળાં | ________ |
| બંગડી | ________ | ભૌમિક | ________ |

## ◆ મહાવરો ૨. વાંચો અને લખોઃ

(૧) દેવ જમે છે.

(૨) દાદા સવારે જાગે છે.

(૩) આગગાડી આવે છે.

(૪) સૈનિક આવે છે.

(૫) વિમાન ગાજે છે.

(૬) રોનક પાસે દસ લખોટીઓ છે.

(૭) ઊન ગરમ છે.

(૮) ભૌમિકને ભાજી ભાવે છે.

(૯) શંખ સફેદ છે.

(૧૦) આ થાળી ખાલી છે.

## ◆ મહાવરો ૩. જોઈને લખોઃ

(૧) ચોમાસામાં વરસાદ પડે છે. વરસાદમાં કપડાં પલળે. ઘરમાં વરસાદ આવે નહિ. ઘર આપણને વરસાદથી બચાવે છે.

(૨) શિયાળામાં ઠંડી હોય છે. ઘરનાં બારી અને બારણાં બંધ રાખીએ. ઘરમાં ઠંડી લાગે નહિ. ઘર આપણને ઠંડીથી બચાવે છે.

(૩) રાત્રે બહાર અંધારું હોય છે. ઘરની અંદર લાઇટ હોય છે. ઘરમાં અંધારું લાગે નહિ. ઘર આપણને બીકથી બચાવે છે.

## G205 સાંભળેલી અને વાંચેલી વિગતોમાંથી મુખ્ય વિચાર સમજે છે.

### ◆ સમજ

વિદ્યાર્થીમિત્રો, તમે જુદી-જુદી ઘણીબધી વાર્તાઓ સાંભળેલી હશે અને વાર્તા આધારિત પ્રશ્નોના મૌખિક જવાબ આપતાં જ હશો. વાર્તાની જેમ જ તમારી આસપાસ બનતી કોઈ ઘટના વિશે તમારા ઘરમાં કે ફળિયામાં થતી વાતચીત સાંભળી હશે. તે જ ઘટના વિશે તમે તમારા મિત્રોને જણાવ્યું હશે. આપણે જ્યારે આવી જ કોઈ ઘટના કે પ્રસંગ વિશે સાંભળી બીજાને કહેવા જઈએ છીએ ત્યારે જે સાંભળ્યું છે તે ઘટના કે પ્રસંગની મુખ્ય વાતો જ જણાવીએ છીએ.

આ જ રીતે તમે વાંચીને પણ ઘણીબધી બાબતો સમજી શકતા હશો. કોઈ પણ વિગતને વાંચીને સમજવી તે ખૂબ અગત્યનું છે. વિગતને સમજીને આપણે તેના વિશે કોઈકને જણાવી શકીએ છીએ કે તેના વિશે પુછાયેલા પ્રશ્નોના જવાબ આપી શકીએ છીએ. અહીં આપણે એક ઉદાહરણ દ્વારા આ બાબતને સમજીએ.

**ઉદાહરણ:** નીચેનો ફકરો વાંચીને તેને આધારે ખરાં-ખોટાં જણાવો:

ચારુ આજે ખૂબ ખુશ હતી. તે આવતીકાલે પિકનિક પર જવાની છે. તે પોતાની બૅગમાં સામાન મૂકતી હતી. તેણે બૅગમાં ખાવા-પીવાનો સામાન મૂક્યો. પાણીની એક બોટલ મૂકી. થોડાં ફળ મૂક્યાં અને સાથે તેની મનપસંદ વાર્તાની ચોપડી પણ મૂકી. પછી પિકનિકમાં કેવી મજા આવશે ? એ વિશે વિચારતાં-વિચારતાં સૂઈ ગઈ. જ્યારે તે ઊઠી તો સવાર પડી ગઈ હતી. તે જલદીથી તૈયાર થઈ ગઈ અને પોતાના દોસ્તો સાથે પિકનિક પર ચાલી ગઈ.

(૧) ચારુ આજે પિકનિક પર જવાની છે. ☐

(૨) તેણે બૅગમાં ખાવા-પીવાનો સામાન મૂક્યો. ☐

(૩) તેણે રમવા માટે એક ઢીંગલી પણ મૂકી. ☐

(૪) તે પોતાનાં મમ્મી-પપ્પા સાથે પિકનિક પર ગઈ. ☐

### ◆ મહાવરો ૧. ફકરો વાંચી ખાલી જગ્યા પૂરો:

અમારું ગામ ખૂબ જ સુંદર છે. ગામમાં બધી જ સુવિધા છે. ગામમાં ગ્રામપંચાયત છે. ગામમાં એક પોસ્ટ-ઑફિસ છે. પોસ્ટ-ઑફિસ ખૂબ જ ઉપયોગી બની રહી છે. ગામમાં સરકારી દવાખાનું છે, જે બીમાર લોકોની સેવા કરે છે. ગામમાં સસ્તા અનાજની દુકાન છે, જે લોકોને અનાજ પહોંચાડે છે.

(૧) ગામમાં બધી જ ____________ છે.

(૨) દવાખાનું ____________ લોકોની સેવા કરે છે.

(3) ગામમાં ____________ અનાજની દુકાન છે.

(૪) ____________ લોકોને ઉપયોગી બને છે.

(૫) ગ્રામપંચાયત ____________ માં હોય છે.

## ◆ મહાવરો ૨. નીચેની વિગત સમજી પ્રશ્નોના જવાબ લખો:

| બાળકો માટે સેલ<br>અહીં તમને નીચેની વસ્તુઓ મળશે. | | |
|---|---|---|
| સેલ | સેલ | સેલ |
| ઢીંગલી-૧ | લંચબૉક્સ | ચિત્રપોથી |
| ચશ્માં | કંપાસ | આઈસક્રીમ |
| પેન | બૂટ | બિસ્કિટ |
| દડો | સ્કેચપેન | ચોકલેટ |

(૧) સેલમાં રમત માટે ઉપયોગી વસ્તુઓ કઈ-કઈ છે ?

____________

(૨) ભણવા માટે તમે કઈ-કઈ વસ્તુ લેશો ?

____________

(૩) તમે ખાવાની કઈ વસ્તુ લેશો ?

____________

(૪) આ વસ્તુઓ પૈકી આંખની જાળવણી માટે કઈ વસ્તુ લેશો ?

____________

(૫) ચિત્ર દોરવા માટે કઈ-કઈ વસ્તુની જરૂર પડશે ?

____________

## ◆ મહાવરો ૩. ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ લખો:

પાંડવો પાંચ ભાઈઓ હતા. એમની માતાનું નામ કુંતી. એમના પિતા પાંડુરાજા. પાંડવો બહુ સંપીલા હતા. ભીમની પાસે ગદા હતી. અર્જુન પાસે ધનુષ હતું.

(૧) પાંડવો કેટલા ભાઈઓ હતા ?

____________

(૨) પાંડવોની માતાનું નામ શું હતું ?

____________

(૩) પાંડવોના પિતાનું નામ શું હતું?

(૪) ભીમ પાસે શું હતું ?

(૫) કોની પાસે ધનુષ હતું ?

(૬) પાંચેય ભાઈઓ ‘પાંડવો’ કેમ કહેવાય છે ?

(૭) અર્જુન કઈ વિદ્યામાં હોશિયાર હતો ?

(૮) ભીમ સિવાય બીજા કોની પાસે ગદા હોય છે ?

*

## G 207 જોડાક્ષર સહિતના શબ્દો અને વાક્યો લખે છે.

### ◆ સમજ

વિદ્યાર્થીમિત્રો, તમે સાદા શબ્દો અને વાક્ય મરોડદાર લખાણ કરતાં શીખી ગયાં હશો. સાદા શબ્દોની જેમ જ બે અક્ષરો જોડાઈને પણ ઘણાબધા શબ્દો બને છે. જેને આપણે 'જોડાક્ષરવાળા' શબ્દો કહીએ છીએ. જેમ કે, 'મચ્છર'.

અહીં તમે જોઈ શકો છો કે વચ્ચે બે અક્ષર છે. જેમાં પહેલો 'ચ' અડધો છે અને તે બીજા અક્ષર 'છ' સાથે જોડાયેલો છે. અહીં આપણે આવાં જુદા-જુદા અક્ષરોથી બનતાં શબ્દો અને વાક્યોનું લેખન કરતાં શીખવાનું છે.

ઉદાહરણ :
(૧) મચછર - મચ્છર
(૨) બખતર - બખ્તર
(૩) લશકર - લશ્કર
(૪) ટકકર - ટક્કર

### ◆ મહાવરો ૧. વાંચો અને લખો:

| | | | |
|---|---|---|---|
| ટક્કર | ______ | બખ્તર | ______ |
| લશ્કર | ______ | મચ્છર | ______ |
| સજ્જડ | ______ | ફક્કડ | ______ |
| દખ્ખણ | ______ | વ્યાયામ | ______ |
| અલ્પાહાર | ______ | સ્વસ્થ | ______ |
| ધાન્ય | ______ | શક્કરિયું | ______ |
| રસગુલ્લાં | ______ | ગુબ્બારો | ______ |
| વનસ્પતિ | ______ | લક્કડખોદ | ______ |
| સક્કરટેટી | ______ | બચ્ચું | ______ |
| ડબ્બો | ______ | ચપ્પુ | ______ |

### ◆ મહાવરો ૨. ઉદાહરણ મુજબ શબ્દો બનાવીને લખો:

(સ્ત): અ, સૂર્યા, વ્ય, શિ, ચુ, મ — અસ્ત, ______, ______, ______, ______, ______

(ન્ય): વ, ધા, શૂ, અન, નાવી, અ — વન્ય, ______, ______, ______, ______, ______

## મહાવરો ૩. વાક્યો વાંચો અને લખો:

(૧) સૌ બાળકો કબડ્ડી રમે છે.

(૨) મને ચક્કર આવે છે.

(૩) પથ્થર લિસ્સો અને ગોળ છે.

(૪) બિલ્લી મ્યાઉં મ્યાઉં કરે છે.

(૫) કલ્પના દરરોજ વ્યાયામ કરે છે.

## મહાવરો ૪. ફકરો વાંચી જોડાક્ષરવાળા શબ્દો શોધી લખો:

શાળાના મેદાનમાં સ્પર્ધા ચાલુ હતી. દેવાંશી અને નિસર્ગે રંગબેરંગી વસ્ત્રોમાં નૃત્ય શરૂ કર્યું. ખૂબ આકર્ષક દૃશ્ય હતું.

## મહાવરો ૫. વાક્ય બનાવો:

(૧) પપ્પા - પપ્પા અમદાવાદ ગયા.

(૨) શર્ટ -

(૩) મુઠ્ઠી -

(૪) વ્યાયામ -

(૫) પટ્ટો -

## મહાવરો ૬.

આજે ૧૫મી ઑગસ્ટ હતી. દાદાજીએ પૌત્રીઓને રાષ્ટ્રધ્વજ વિશે સમજ આપી. તેમણે કહ્યું કે, આપણા રાષ્ટ્રધ્વજને તિરંગો કહેવામાં આવે છે. તેમાં ત્રણ રંગ છે : કેસરી, સફેદ અને લીલો. કેસરી રંગ વીરતા, સફેદ રંગ શાંતિ અને ભાઈચારો તથા લીલો રંગ હરિયાળી અને સમૃદ્ધિનાં પ્રતીક છે. સફેદ રંગમાં અશોકચક્ર આપણને સતત ગતિ અને વિકાસનો સંદેશો આપે છે. આપણા રાષ્ટ્રીય તહેવારોના દિવસે શાળામાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે. આપણને આપણા રાષ્ટ્રધ્વજ પ્રત્યે ગૌરવ હોવું જોઈએ.

ઉપરના ફકરામાંથી પાંચ જોડાક્ષરો નીચે લીટી કરો અને લખો:

## G208 નવા શબ્દોના અર્થ જાણે છે.

### ◆ સમજ

વિદ્યાર્થીમિત્રો, અત્યાર સુધીમાં તમે ઘણી વાર્તાઓ સાંભળી હશે. તમે તમારા ઘરે પણ મમ્મી-પપ્પા અને ભાઈ-બહેન સાથે વાતચીત કરતાં હશો. આ વાતચીતમાં જાણે-અજાણે ઘણાબધા શબ્દોનો ઉપયોગ કરો છો. આપણી વાત યોગ્ય રીતે કહેવા માટે શબ્દોની સમજ હોવી ખૂબ જરૂરી છે. તમે જેમ-જેમ આગળ વધો છો તેમ-તેમ નવા-નવા શબ્દોથી પરિચિત થતા જાઓ છો. કેટલાક શબ્દો તમે એવા પણ જોયા હશે કે, જેના માટે ઘરે તમે જુદા-જુદા શબ્દો બોલતા હશો. તે જ વસ્તુ માટે શાળામાં કે પુસ્તકમાં જુદો શબ્દ હશે.

જેમ કે ઘરે તમે 'પોણી' શબ્દ બોલતા હશો, પરંતુ શાળામાં 'પાણી' શબ્દ માટે 'જળ' શબ્દ પણ વાપર્યો હશે. અહીં તમે ધોરણ 1 તથા ધોરણ 2માં ભણી ગયેલ આવા કેટલાક નવા શબ્દોનો મહાવરો કરવાના છીએ. જેમાં તમારે જુદી-જુદી પ્રવૃત્તિઓ દ્વારા શબ્દો શોધવાના છે, વાક્યમાં પ્રયોગ કરવાનો છે કે તેના જેવા શબ્દો લખવાના છે. આપણે આ બાબતને એક ઉદાહરણથી સમજીશું.



આ ચિત્ર માટે તમે ઘરે 'ઝાડ' શબ્દ બોલતાં હશો. પરંતુ શાળા કે પુસ્તકમાં 'ઝાડ'ને બદલે 'વૃક્ષ' શબ્દ પણ જાણ્યો હશે.

### ◆ મહાવરો ૧. સરખા અર્થવાળા શબ્દ શોધીને લખો

| | | | | | |
|---|---|---|---|---|---|
| કો | થ | મી | ર | ત | ન |
| બી | ડ | વા | તા | પ | વં |
| ર | જ | ત | ન | ળું | દ |
| ળ | જ | દી | પ | વ | ન |
| ગુ | ફા | વૃ | ક્ષ | ર | સ |
| લા | જ | તા | ય | સા | જ |
| લ | બ | ગી | ચો | દ | વા |

**ઉદાહરણ:** ઝાડ - વૃક્ષ

પાણી - ____________

નમન - ____________

બાગ - ____________

જંગલ - ____________

દીવો - ____________

### ◆ મહાવરો ૨. સરખા અર્થવાળા શબ્દ જોડીને બાજુમાં બંને શબ્દો ફરીથી લખો:

(૧) તીર　　મા　　____________　____________

(૨) માતા　　નિશાળ　　____________　____________

(૩) બીક　　બાણ　　____________　____________

(૪) પ્રકાશ　　ડર　　____________　____________

(૫) શાળા　　અજવાળું　　____________　____________

## ◆ મહાવરો ૩. સરખા અર્થવાળા શબ્દની નીચે લીટી કરો.

| | | | | |
|---|---|---|---|---|
| સવાર | = | સાંજ | બપોર | પ્રભાત |
| નભ | = | ધરતી | આકાશ | પૃથ્વી |
| સફેદ | = | ધોળું | કાળું | પીળું |
| સાચું | = | ખોટું | ખરું | મોટું |
| દીવાલ | = | ભીંત | જમીન | ઘર |

*

## G216 શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડી સરળ / ટૂંકાં વાક્યો લખે છે.

### ◆ સમજ

વિદ્યાર્થીમિત્રો, તમે શબ્દો અને વાક્યોનું અનુલેખન તો કરો જ છો. પરંતુ શું તમે દરેક શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડો છો કે તમારી નોટબુકની જગ્યા મુજબ લખી દો છો ? જો તમે શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડતા નથી તો તમારું લખાણ યોગ્ય કહી શકાય નહીં. લખાણ સ્પષ્ટ અને મરોડદાર હોય તો વાંચવામાં સરળતા રહે છે. લેખન-કૌશલ્ય ખૂબ જ મહત્ત્વનું છે. અહીં આપણે લેખનનો મહાવરો કરવાના છીએ. તે માટે તમને ઉદાહરણ દ્વારા કેટલાંક વાક્યોનું લખાણ બતાવેલ છે. તે મુજબ જ શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડી તમારે લખાણ કરવાનું છે. આમ તો તમે જ્યારે શ્રુતલેખન કરો ત્યારે પણ તમારે આ બાબત ધ્યાનમાં રાખવાની છે.

અહીં આપણે અનુલેખન કરતાં શીખીશું.

અહીં એક ઉદાહરણ દ્વારા સમજીએ:

મોહનની બકરી ચરે છે - મોહનની બકરી ચરે છે.

અહીં તમે જોઈ શકો છો શબ્દો વચ્ચે યોગ્ય જગ્યા છોડવાથી વાક્ય સ્પષ્ટ રીતે વાંચી, સમજી શકાય છે. તમારે પણ આ જ રીતે યોગ્ય જગ્યા છોડી વાક્યો લખવાના છે.

### ◆ મહાવરો ૧. વાંચો અને લખો:

(૧) દેવાંશી પુસ્તક વાંચે છે.

______________________________

(૨) વર્ષાઋતુમાં વરસાદ પડે છે.

______________________________

(૩) સાબરનાં શિંગડાં રૂપાળાં હોય છે.

______________________________

(૪) ઋષિ યજ્ઞ કરે છે.

______________________________

(૫) શ્રમિક શ્રમ કરે છે.

______________________________

(૬) ક્ષય એક રોગ છે.

______________________________

(૭) સુગરીનો માળો સુંદર છે.

______________________________

(૭) કાકડીનું કચુંબર બને છે.

(૯) આકાશમાં વીજળી ચમકે છે.

(૧૦) શેરડીમાંથી ગોળ બને છે.

## મહાવરો ૨. ઉદાહરણ મુજબ શબ્દ પરથી વાક્ય બનાવો.

રજા - આજે રજા છે.

બાગ -

ઝાડ -

સ્લેટ -

પ્રકાશ -

ચોક્લેટ -

## મહાવરો ૩. શબ્દ વચ્ચે યોગ્ય જગ્યા છોડી ફકરાનું અનુલેખન કરોઃ

એક તોફાની હાથી હતો. તેની સાથે તેના જેવા જ બીજા ચાર-પાંચ મિત્રો હતા. તેઓ જંગલમાં આમતેમ ફરતાં રહે અને કોઈપણ વૃક્ષની ડાળીઓ તોડતાં રહે. પરિણામે વૃક્ષ પરનાં પંખીઓના માળા નીચે પડે અને તેનાં ઈંડાં તૂટી જાય. આથી બધાં પંખીઓ ભેગાં થયાં. એક સંપ કરી હાથીને ચાંચ મારવા લાગ્યાં. આટલાં બધાં પંખીઓનો એકસાથે થયેલો હુમલો જોઈ હાથી તો ગભરાઈને જંગલમાં ભાગી ગયો. બધાં પક્ષીઓ આનંદમાં આવી ગયાં.

## G120 વાર્તાની ઘટનાનો ક્રમ સમજે છે.

## G217 વાર્તાની ઘટનાનો ક્રમ સમજે છે.

### ◆ સમજ

વિદ્યાર્થીમિત્રો, તમે ઘણીબધી વાર્તાઓ સાંભળી હશે. તમે તમારા મિત્રોને વાર્તા કહેતા પણ હશો. આ વાર્તાઓ તમે કયા ક્રમમાં કહો છો, તે પણ જાણતાં જ હશો. આવી જ ઘણી ઘટનાઓ પણ તમે સાંભળી હશે. જે શરૂઆતથી અંત સુધી તે જ ક્રમમાં બીજાને કહીએ તો જ સમજી શકે.

તમે જ્યારે ઘરમાં કોઈ પણ વાત સાંભળો છો. તો તે જ ક્રમમાં તમારા મિત્રોને કે ભાઈ-બહેનને કહો છો ત્યારે શરૂઆતથી કહો છો. આમ, વાર્તા સાચા ક્રમમાં કહેવા માટે અથવા સાચી રીતે કહેવા માટે તેની ઘટનાઓનો ક્રમ આપણને ખબર હોય તે જરૂરી છે.

અત્યાર સુધી આવી ઘણી વાર્તાઓ અને ઘટનાઓ સાંભળી પણ હશે. અહીં આપણે આ ઘટના અને વાર્તાને સાચા ક્રમમાં રજૂ કરવાનું શીખવાના છીએ.

**ઉદાહરણ :** અહીં એક ચિત્રવાર્તા આપેલી છે. તેનાં ચિત્રોને નંબર આપીને ગોઠવવાના છે.



૪



૨



૩



૧

વિદ્યાર્થીમિત્રો, આ વાર્તા તમે સાંભળી જ હશે. તેમાં કાગડો પાણી પીવા માટે કૂંજામાં પથ્થર નાખે છે. અહીં ચિત્રોના ક્રમ જોઈને આખી વાર્તા કહી શકો છો.

◆ **મહાવરો ૧. નીચે આપેલાં ચિત્રોને વાર્તાના ઘટનાક્રમ મુજબ નંબર આપો:**










◆ **મહાવરો ૨. ઉદાહરણ મુજબ આપેલા ચિત્રોને એની ઘટના પ્રમાણે ક્રમ આપો.**

















◆ મહાવરો ૩. તમે સવારથી સાંજ સુધીમાં જે ક્રિયાઓ કરો છો તેને યોગ્ય ક્રમમાં ગોઠવો. પ્રથમ ક્રિયા માટે એક બીજી માટે બે એ રીતે ક્રમશઃ દર્શાવોઃ
















*

## G219 વાર્તા અંગે પ્રશ્નો પૂછે છે.

### ◆ સમજ

વિદ્યાર્થીમિત્રો તમે અનુભવ્યું હશે કે, મોટા ભાગે શિક્ષક જ તમને પ્રશ્નો પૂછે છે અને તમે બધા તેના જવાબ આપો છો. પરંતુ શું તમે ક્યારેય શિક્ષકને પ્રશ્ન પૂછો છો ખરાં ? તમને થતું હશે કે અમારે તો પ્રશ્નો ના પૂછાય. પરંતુ કોઈપણ વાર્તા વિશે વિશેષ જાણકારી કે નવું જાણવા માટે પ્રશ્નો પૂછવા ખૂબ જરૂરી છે. તમે તમારી જુદી-જુદી કલ્પનાઓ કરીને પણ પ્રશ્નો પૂછી શકો છો. પ્રશ્ન પૂછવાથી તમે તેના વિશે વધુ જાણી શકો છો.

આ પ્રવૃત્તિ કરવા માટે તમે તમારા મિત્રની કે શિક્ષકની મદદ લઈ શકો છો. તમે જાતે વાર્તા વાંચી શકો છો. વાર્તા વાંચો અને તમારા મનમાં ઉદ્‌ભવતા પ્રશ્નો શિક્ષકને પૂછો.

**રીંછ અને કાચબો**

બે કાચબા નદીકાંઠે રમતા હતા ત્યારે એક રીંછે તેમને જોઈ લીધા.

રીંછ ખૂબ જ ભૂખ્યું હતું. તે તેમની તરફ દોડ્યું. રીંછને જોઈ કાચબાઓએ નદી તરફ ગબડવાનું શરૂ કર્યું અને પાણીમાં પહોંચી ગયા.

રીંછ પણ કાચબાઓ પાછળ દોડ્યું. દોડતાં-દોડતાં તેનું માથું એક પથ્થર સાથે ભટકાયું.

કાચબાઓ તો તરીને ચાલ્યા ગયા.

રીંછ પોતાનું માથું પકડીને બેસી રહ્યું.

આ વાર્તાના આધારે તમે નીચે જેવા પ્રશ્નો પૂછી શકો છોઃ

(૧) કાચબાઓ ક્યાં રમતા હતા ?

(૨) કાચબાઓ પાછળ કોણ દોડ્યું ?

(૩) રીંછનું માથું શેની સાથે ભટકાયું ?

આ સિવાય પણ વિશેષ જાણકારી માટે તમે નીચે જેવા પ્રશ્નો તમારા શિક્ષકને પૂછી શકો છોઃ

(૧) રીંછ કાચબાઓ પાછળ કેમ દોડ્યું ?

(૨) શું કાચબાઓ નદીમાં જ રહેતા હશે ?

(૩) કાચબાઓએ ગબડવાનું કેમ શરૂ કર્યું ?

(૪) રીંછ બીજું શું-શું ખાતું હશે ?

(૫) રીંછનું માથું પથ્થર સાથે કેવી રીતે ભટકાયું હશે ?

### ◆ મહાવરો 1. વાર્તા વાંચો અને પ્રશ્ન પૂછોઃ

**કીડી**

એક કીડી ફરીને આવી રહી હતી. રસ્તામાં તેને એક લાડવો મળ્યો. લાડવો ખૂબ મોટો હતો. લાડવો જોઈ કીડી ખુશ થઈ ગઈ. તે જ સમયે એક વાંદરો આવ્યો. કીડીઓને લાગ્યું હવે વાંદરો લાડવો લઈ લેશે. બધી કીડીઓ લાડવા પર ચઢી ગઈ. લાડવો ઢંકાઈ ગયો અને વાંદરાને તે ન દેખાયો. તેના ગયા પછી કીડીઓ લાડવાને ગબડાવી ઘરે લઈ ગઈ. તે ઘણા દિવસો સુધી ખાતી રહી.

◆ મહાવરો 2. વાર્તા વાંચો અને પ્રશ્ન પૂછોઃ

## ભૂખ્યો બગલો

એક બગલો હતો. તેને ભૂખ લાગી હતી. તે ખાવાનું ખાવા ગયો. ખેતરમાં તેને એક કાકડી મળી. કાકડી લઈને તે ખાવા લાગ્યો. ત્યારે જ તેને તળાવ દેખાયું. તળાવમાં માછલીઓ હતી. તેણે વિચાર્યું. ''કાકડી અને માછલી સાથે ખાઉં તો મજા પડી જાય.'' તે માછલી પકડવા ગયો. તળાવમાં મગર હતો. મગર તેની પાછળ દોડ્યો. બગલો તો કાકડી લઈને ભાગ્યો. બગલાને એક માટલું દેખાયું. તેણે કાકડી માટલામાં નાખી અને ભાગી ગયો. માટલામાં ઘણા ઉંદર હતા. ઉંદરો કાકડી ખાઈ ગયા. બગલો પાછો આવ્યો અને જોયું તો, માટલું તો ખાલી હતું.

# ૧. વાંદરાને વાંચતાં ન આવડે

**અધ્યયન નિષ્પત્તિ :**

G307 કાવ્યાત્મક લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરી શકે છે.

G310 લેખનની જુદી-જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

G313 પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે.

G315 ભાવાત્મક સમાવેશન કરી શકે છે.

## પ્રશ્ન ૧. હું વાંચીને લખું.

પાઠ્યપુસ્તકના પાના નં. ૨ પરની વાર્તા 'વાંદરાભાઈનું ઘર' ની શરૂઆતથી 'ખટપટે એક ઘર પાસે અચરજ જોયું'. વાક્ય સુધી વાંચો પછી પ્રશ્નોના જવાબ લખો.

૧. ખટપટ એટલે કોણ?

________________________________

૨. નીચેનામાંથી ખોટા વાક્યની સામે ☒ ની નિશાની કરો.

☐ ખટપટ હૂપાહૂપ કરે.

☐ ખટપટ આખો દિવસ ઊંઘ્યા કરે.

☐ ખટપટને છાપરા ઉપર બેસવું ગમે.

☐ ખટપટ એક ઝાડથી બીજા ઝાડ પર ફરતો રહે.

૩. નમૂના મુજબ ખાલી જગ્યા પૂરો.

ઠંડી - <u>શિયાળો</u>

વરસાદ - __________

ગરમી - __________

૪. 'વૃક્ષ' માટે વાર્તામાં ક્યો શબ્દ વપરાયો છે ?

________________________________

________________________________

૫. તમને ઠંડી લાગે ત્યારે શું કરો છો ?

## પ્રશ્ન ૨. હું ગીત ગાતાં ગાતાં લખું.

પાઠ્યપુસ્તકના પાના નં ૧૩ પરનું ગીત ગાઓ અને પ્રશ્નોના જવાબ લખો.

૧. બધી જ વાર્તા દાદીની જેમ આબેહૂબ કોણ બોલે છે ?

૨. નીચેનાં વાક્યો સાચાં છે કે ખોટાં તે લખો.

૧. ટીકુબહેનને તોફાન કરવું ખૂબ ગમે. :

૨. ટીકુબહેન સાથે મમ્મી-પપ્પા પણ વાંચે છે.

૩. ટીકુબહેનના ઘરે ત્રણ-ચાર ચોપડીઓ છે.

૪. ટીકુબહેનની આંખો ખરાબ હોવાથી અજવાળામાં ગૂમ થઈ ગયાં.

૩. નાનાથી મોટા એ ક્રમમાં ગોઠવીને લખો.

દાદી ટીકુ મમ્મી-પપ્પા

જવાબ

૪. લખોઃ જેને રંગ હોય તે રંગીન, તો..

જેને શોખ હોય તેઃ

૫. 'અંધારા'નો વિરુદ્ધાર્થી શબ્દ ગીતમાંથી શોધીને લખો :

## પ્રશ્ન ૩. 'મારો શોખ' વિશે પાંચ વાક્ય લખો.

૧.

૨.

૩.

૪. ____________________

૫. ____________________

## પ્રશ્ન ૪. હું ચિત્ર જોઈને લખું.

પાઠ્યપુસ્તકના પાના નં. ૩ પરનું ચિત્ર જુઓ અને પ્રશ્નોના જવાબ લખો.

૧. છાપરા પર કોણ બેઠું છે ? ____________

૨. આ ચિત્ર કઈ ઋતુનું છે? ____________

૩. ઠંડીથી બચવા ચિત્રમાં લોકોએ કેવાં કપડાં પહેર્યાં છે ?

____________________

____________________

૪. લોકો લાકડાં સળગાવીને તેની ફરતે શા માટે બેઠા હશે ? ____________

(અ) ઘરથી દૂર રહેવા માટે (બ) ખટપટ વાંદરાને પકડવા

(ક) ગપ્પાં મારવા (ડ) ઠંડી ભગાડવા

૫. ચિત્રમાં ક્યા ક્યા રંગો પૂર્યા છે ?

____________________

____________________

____________________

૬. ચિત્રમાં બતાવ્યા સિવાય બીજી કઈ રીતે ઠંડી ભગાડી શકાય ?

____________________

____________________

૭. ચિત્રના આધારે નીચેના શબ્દો વિચારીને લખો.

છો.....રું ટો ... ....દરો

મ...લ..... ઝા...... લા.....ડાં

૮. ચિત્રમાં માણસોને જોઈને ખટપટ ઠંડી ભગાડવાનું વિચારી રહ્યો છે, તો ઝાડ શું વિચારી રહ્યાં હશે?

## પ્રશ્ન ૫. હું બનાવું.

નીચેની જગ્યામાં તમારા ઘરનું ચિત્ર દોરી તેને ફરતે બાગનું ચિત્ર દોરો.

તમે દોરેલા ચિત્ર વિશે લખો.

## રચનાત્મક મૂલ્યાંકન :

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | × | ? | ✓ |
| G307 | કાવ્યાત્મક લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરી શકે છે. | | | |
| G310 | લેખનની જુદી-જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે. | | | |
| G313 | પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે. | | | |
| G315 | ભાવાત્મક સમાવેશન કરી શકે છે. | | | |

તારીખ. ________________ શિક્ષકની સહી ____________

# ૨. પોટલાં ટપકે ટપ્પ

**અધ્યયન નિષ્પત્તિ :**

G307 કાવ્યાત્મક લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરી શકે છે.

G308 પ્રકીર્ણ, છૂટાછવાયા લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરે છે.

G312 ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે.

**પ્રશ્ન ૧. હું વાંચીને લખું.**

પાઠ્યપુસ્તકના પાના નંબર ૧૭ પરની વાર્તાની શરૂઆતની ૧૩ લીટીઓ વાંચીને પ્રશ્નોના જવાબ લખો.

૧. ગુલાબી ઠંડી એટલે કેવી ઠંડી - આછી આછી ઠંડી કે કડકડતી ઠંડી ?

________________________________________

૨. ખાલી જગ્યા પૂરોઃ

રાત : અંધારું; દિવસ : ____________________

૩. લખો.

| એક હોય તો | | એક કરતાં વધારે હોય તો |
|---|---|---|
| કૂકડો | : | ____________ |
| વાદળું | : | ____________ |
| કપડું | : | ____________ |
| દીવો | : | ____________ |

૪. આ વાર્તામાં મોટો દીવો એટલે શું ?

________________________________________

________________________________________

________________________________________

૫. સૂર્યોદય એટલે શું ?

૬. બે અક્ષરો જોડીને લખ્યા હોય તેવા શબ્દો શોધીને લખો :

૭. સૂર્યોદય વખતે વાદળાંની જેમ તમને શું કરવું ગમે ?

૮. ઘણાં વાદળાં વિશે વાંચી એક વાદળ માટેનાં વાક્યો લખો :

વાદળાંને ફરવાનું મન થયું.

વાદળાંએ કપડાં પહેરવા માંડ્યાં.

વાદળાં ફરવા નીકળ્યાં.

**જવાબ**

## પ્રશ્ન ૨. હું ગીત ગાતાં ગાતાં લખું.

પાઠ્યપુસ્તકના પાના નંબર ૨૨ પરનું ગીત ગાઓ અને પ્રશ્નોના જવાબ લખો.

૧. ફોરાં એટલે શું ?

(અ) મેઘધનુષ્ય (બ) પાંદડાં (ક) ફૂલડાં (ડ) વરસાદનાં ટીપાં

૨. વરસાદ ન પડે ત્યારે તમને શું કરવાનું મન થાય

૩. વરસાદનાં ટીપાં ક્યાંથી આવતાં હશે ?

______________________________________________

______________________________________________

______________________________________________

૪. વરસાદનાં ટીપાંને પૂછવા માટેનો એક પ્રશ્ન લખો.

______________________________________________

૫. ઝાંઝર : ઝાંઝરિયું

વાદળ : ______________

આંગણ : ______________

ભંડારિયું : ભંડાર

કેસરિયું : ______________

કાગળિયું : ______________

૬. તમે વરસાદને શું કહીને (કે ગાઈને) બોલાવશો ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## પ્રશ્ન ૩. હું શોધીને લખું.

નીચેના સુવિચાર વાંચો.

૧. વિદ્યા વિનયથી શોભે છે.

૨. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ

૩. ઉદ્યમ કરે તે ઉત્તમ માણસ.

૪. વૃક્ષો એ પૃથ્વી પરના દેવદૂતો છે.

૫. દૃષ્ટાંત આપો નહિ, દૃષ્ટાંતરૂપ બનો.

૧. ઉપરના સુવિચારોને આધારે ખૂટતા અક્ષરો મૂકી ખાલી જગ્યા પૂરો.

_____ દ્યા, _____ ત્ત _______

_____ ક્ષો, _____ થ્વી સૂ _____

_____ ષ્ટિ, _____ ષ્ટાં ___

૨. તમારી શાળાનાં બાળકોનાં નામમાં આવા અક્ષરો આવતા હોય તો તે નામ લખો.

ધ્મ, દ્ય, શ્ર, પૃ, સૃ, વૃ, કૃ

ઉદા. પદ્મા

________________________________________

________________________________________

________________________________________

## પ્રશ્ન ૪. હું વિચારીને લખું.

નીચેનું સૂચનાબૉર્ડ વાંચી પ્રશ્નોના જવાબ લખો.

**અંભેટા ગામ સહકારી મંડળી**

તા. ૧૩-૭-૨૦૨૦ વારઃ સોમવાર

**સૂચના**

૧. સૌ ગ્રાહકોએ ફરજિયાત માસ્ક પહેરીને જ આવવું.

૨. કોરોના મહામારીને લીધે આજથી મંડળીનો સમય સવારે ૮ થી બપોરે ૨ સુધીનો રહેશે.

– મંડળી સંચાલક

૧. સહકારી મંડળી એટલે શું ?

________________________________________

________________________________________

૨. નમ્રતા વાર્તાની આખી પુસ્તિકા વાંચીને બપોરે ૨ વાગ્યે અનાજ ખરીદવા મંડળી પર પહોંચે છે, તો એને અનાજ મળશે ? કેમ ?

________________________________________

________________________________________

૩. આ સૂચના-બૉર્ડ ક્યા મહિનામાં લખેલું છે ?

૪. મંડળીનો સમય શા કારણથી બદલાયો છે ?

૫. માસ્ક પહેરવાની સાચી રીત કઈ ?

(અ) નાક ઢંકાય એ રીતે
(બ) મોં ઢંકાય એ રીતે
(ક) દાઢી પાસે લટકાવીને
(ડ) નાક-મોં બંને ઢંકાય એ રીતે

૬. માસ્ક તરીકે શું શું વાપરી શકાય ?

## પ્રશ્ન ૫. હું બનાવું.

સૂચના: અંગૂઠો, શાકભાજી, હથેળી કે ફૂલપાનનો ઉપયોગ કરી સૂચના મુજબ છાપકામ કરો.

| ૧ | એક ચકલી |
|---|---|

૨ એકથી વધારે ચકલીઓ

એક ફૂલ

૩

૪ એકથી વધારે ફૂલ

૫ એક પાંદડું

એકથી વધારે પાંદડાં

૬

૭ **એક હાથ**

૮ **એકથી વધારે હાથ**

## રચનાત્મક મૂલ્યાંકન :

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | × | ? | ✓ |
| G307 | કાવ્યાત્મક લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરી શકે છે. | | | |
| G308 | પ્રકીર્ણ, છૂટાછવાયા લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરે છે. | | | |
| G312 | ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે. | | | |

તારીખ. ________ શિક્ષકની સહી ________

# ૩. હું પતંગિયું મારા પિલ્લુનું

**અધ્યયન નિષ્પત્તિ :**

| | |
|---|---|
| G307 | કાવ્યાત્મક લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરી શકે છે. |
| G308 | પ્રકીર્ણ છૂટાછવાયા લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરે છે. |
| G312 | ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે. |
| G313 | પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે. |
| G314 | શબ્દનું રૂપાંતર કરી નવા શબ્દો બનાવી તેના અર્થ સમજી શકે છે. |
| G315 | ભાવાત્મક સમાવેશન કરી શકે છે. |

**પ્રશ્ન ૧. હું બનાવું અને લખું.**

રંગબેરંગી કાગળના ટુકડા ચોંટાડીને એક પતંગિયું બનાવો અને તે પતંગિયાની વાત લખો.

પતંગિયાની વાત

ઉદા. હું છું ........ બહેન/ભાઈનું પતંગિયું. મારી પાંખો ....

## પ્રશ્ન ૨. હું વાંચીને લખું.

''પ્યારા પિલ્લુ'' વાર્તાના પાના નંબર ૩૪ પર આપેલાં વાક્યો વાંચીને પ્રશ્નોના જવાબ લખો.

૧. આ પાનામાં કોની કોની વાત લખેલી છે ?

૨. ઈવાએ દ્વિજને ચિંતા કરવાની કેમ ના પાડી?

૩. ઈવા ખોખાને બગીચામાં લઈ આવી. કારણ કે ...

(અ) એણે કોશેટાને ફેંકી દેવો હતો.   (બ) કોશેટો જરા જરા હલતો હતો.

(ક) દ્વિજને ચિંતા થતી હતી.   (ડ) ખોખામાં નવાં પાંદડાં મૂકવાં હતાં.

૪. તમે પતંગિયું બનેલા પિલ્લુને 'આવજે' સિવાય બીજું શું કહેશો ?

૫. 'મોં ખુલ્લું રહી જવું' એટલે શું ?

(અ) નવાઈ લાગવી. (ક) મોંમાં મોટો લાડુ મૂકવો.

(બ) મોંમાં સોજો આવવો. (ડ) મોંમાં દુઃખાવો ઊપડવો.

૬. પિલ્લું ઈયળમાંથી પતંગિયું બન્યું ત્યાર સુધીમાં તે શું શું બન્યું ?

૭. પાઠ્યપુસ્તકના પાના નં. ૩૪ પરથી 'નરમ' નો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો.

૮. 'પાંદડું' નો સમાનાર્થી શબ્દ શોધીને લખો :

**પ્રશ્ન ૩. જોડકાં જોડો.**

| 'અ' | 'બ' |
|---|---|
| ફરકવું | હસવું |
| મરકવું | ફરવું |
| ઝાલવું | હલવું |
| ઘૂમવું | પકડવું |

## પ્રશ્ન ૪. હું ગાઉં, હું લખું.

પાઠ્યપુસ્તકના પાના નંબર ૩૮ પરનું ગીત ગાઓ અને પ્રશ્નોના જવાબ લખો.

૧. તમને રિસેસમાં શું કરવાની મજા આવે તે લખો.

૨. કવિતામાં કહ્યું છે તે સિવાય બીજું શું શું કરી શકાય તે લખો.

અમે વનવનમાં પાન થઈ : ________________

અમે વાદળ થઈ : ________________

અમે દરિયામાં : ________________

અમે પંખીના : ________________

૩. ગીતમાંથી 'આકાશ'નો સમાનાર્થી શબ્દો શોધીને લખો.

________________

૪. આ ગીતના કવિનું નામ લખો.

________________

૫. બાગમાં ફૂલછોડ ઉગાડનારને માટે ગીતમાં વપરાયેલો શબ્દ

________________

## પ્રશ્ન ૫. હું વિચારીને લખું.

**નીચેનો ફકરો વાંચો. લીટી દોરેલા શબ્દોની જગ્યાએ નીચે આપેલા કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ફકરો ફરીથી લખો. એક શબ્દ એકથી વધારે વખત પસંદ કરી શકાશે.**

(તેને, તેણે, આપણા, તેની, તેના)

ટાંટને એક ભમરડો મળ્યો. <u>ટાંટે</u> ભમરડાને દફતરમાં મૂક્યો. ટાંટે <u>ટાંટ</u>ની બહેન ટીટૂને ભમરડો બતાવ્યો. ટીટૂએ ભમરડો <u>ટીટૂના</u> હાથમાં લીધો. ભમરડો <u>ટીટૂના</u> હાથમાંથી સરકીને ટાંટના પગ પાસે પડ્યો. ટાંટે <u>ટીટૂને</u> કહ્યું, ''ટીટૂ, હાશ! <u>ટીટૂ-ટાંટ</u> બંનેના પગ બચી ગયા!''

________________

________________

________________

________________

________________

________________

## પ્રશ્ન ૬. હું વિચારીને લખું.

**નીચે આપેલા પ્રશ્નો વાંચી તેના જવાબ કોઠામાંથી શોધીને લખો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| બિ | કા | ઈ | ય | ળ | ગ | રો | ળી |
| ચું | લા | ખિ | સ | કો | લી | ટાં | ફ |
| વં | મં | ડી | ડ | લે | ડો | જૂ | મા |
| ટું | દો | દે | થી | પ | તં | ણિ | યું |

ઉદા. ગંદું માથું મારું ઘર,
મારું નામ તો એક અક્ષર. — જૂ

૧. ચોમાસામાં દેખા દઉં,
પાણી દેખી કૂદકા ખઉં. — ________

૨. ઝાડની ઉપર નીચે મારું આંટા,
મારી પીઠ ઉપર છે પટ્ટા. — ________

૩. વાઘની હું માસી છું,
દૂધ-દહીંની પ્યાસી છું. — ________


૪. તમારું ઘર એ જ મારું ઘર,
દીવાલ ઉપર આંટા મારું ઈધર-ઉધર, — ________

૫. કોશેટામાંથી નીકળું બહાર,
જાણે હું તો રંગોની ફુહાર. — ________

૬. ખૂણેખાંચરે રહું,
રાતે બહાર નીકળું.
આખા ઘરમાં મારું જ રાજ,
હું છું ગંદો બંદો. — ________

૭. ફળ હોય કે શાકભાજી,
ખાઈને થાઉં તાજી તાજી. — ________

## પ્રશ્ન ૭. હું ઓળખીને લખું.



### રચનાત્મક મૂલ્યાંકન :

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | × | ? | ✓ |
| G307 | કાવ્યાત્મક લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરી શકે છે. | | | |
| G308 | પ્રકીર્ણ છૂટાછવાયા લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરે છે. | | | |
| G312 | ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે. | | | |
| G313 | પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે. | | | |
| G314 | શબ્દનું રૂપાંતર કરી નવા શબ્દો બનાવી તેના અર્થ સમજી શકે છે. | | | |
| G315 | ભાવાત્મક સમાવેશન કરી શકે છે. | | | |

તારીખ. ____________ શિક્ષકની સહી ____________

# ૪. પાછળ

**અધ્યયન નિષ્પત્તિ :**

G301 શબ્દો અને વાક્યોમાં જરૂરી સંકેતોનો ઉપયોગ યોગ્ય રીતે કરે છે.

G308 પ્રકીર્ણ, છૂટાછવાયા લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરે છે.

G310 લેખનની જુદી-જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

G312 ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે.

G314 શબ્દનું રૂપાંતર કરી નવા શબ્દો બનાવી તેના અર્થ સમજી શકે છે.

G315 ભાવાત્મક સમાવેશન કરે છે.

## પ્રશ્ન ૧. હું બનાવું.

નીચે આપેલી જગ્યામાં મનગમતા રંગો વડે અંગૂઠાની છાપ પાડો. તે છાપમાંથી વિવિધ ચિત્રો બનાવી તેને નામ આપો.

| | | | |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

## પ્રશ્ન ૨. હું દોરું.

પીપળાના એક પાનને થોડા દિવસ પાણીમાં ડૂબાડી રાખો. પછી તેને હળવેથી સાફ કરતાં તે પાન જાળીદાર બનશે. નીચેની જગ્યામાં તે પાન મૂકી તેની ફરતે રેખા દોરો. પછી પાન ઉપર રેખા દોરો. પછી પાન ઉપર મીણિયા રંગો હળવેથી ઘસીને સુંદર ચિત્ર તૈયાર કરો. (પીપળાનાં પાનને સૂકવીને પણ કરી શકાય)

તમે બનાવેલ ચિત્રનું નામ આપો.

**પ્રશ્ન ૩. હું બનાવું વાર્તા.**

**છાપાં કે નકામા કાગળમાંથી જુદાં જુદાં કોઈપણ બે નાનાં ચિત્રો કાપીને અહીં ચોંટાડો અને આ ચિત્રો પરથી સળંગ એક નાની વાર્તા બનાવો.**

**મેં બનાવેલી વાર્તા:**

પ્રશ્ન ૪. નીચેનો ફકરો લખવામાં ચિન્ટુની ભૂલ થઈ ગઈ છે. ફકરો વાંચો, ભૂલવાળા શબ્દો નીચે લીટી દોરો. ફકરો સુધારીને ફરીથી લખો.

ચિન્ટુનો ફકરો

બિલ્લુ મારો ત્રમિ છે. તેની પાસે એક ડીલાબિ છે. તેનું મના મીની. બિલ્લુને મીની બહુ જ મેગ. મીનીને પણ લ્લુબિની સાથે મરવાની બહુ મજા પડે. મીનીના તોનફાથી કોઈ વાર જીદાદા ખિજાય.

તમે સુધારેલ ફકરો.

પ્રશ્ન ૫. મને ઓળખો.

(જીભ, માણસ, વાળ, હથેળી, દીવાની વાટ, ચણોઠી, દીવાસળી)

૧. વાડે વાડે લોહીનાં ટીપાં :

૨. બે પગવાળું પ્રાણી :

૩. છીછરી તળાવડી છીછરી પાળ,
પાણી ન રહે પૈસાભાર. :

૪. મોં કાળું પણ કરું અજવાળું :

૫. કાળી સોટી, તેલમાં નહાય.
લડે, વળે, પણ તૂટે નહીં. : ______________________

૬. એક જનાવર એવું, પૂછડેથી પાણી પીતું.: ______________________

૭. બત્રીસ ભાઈઓની એક બહેન લાડકી : ______________________

## પ્રશ્ન ૬. હું લખું.

- નીચેનું ગીતડું વાંચી તેમાંથી નમૂના મુજબની શબ્દરચના બનાવી લખો.

ગીતડું.

એક છે ખટપટ
તે બહુ નટખટ
ચાલ્યો પટપટ
દોડ્યો ઝટપટ
ઝટપટ ઝટપટ
થઈ ગઈ ગડબડ
ગબડ્યો સરસર
નદીની અંદર
કૂદ્યાં દેડકાં
ડ્રાઉડ્રાઉ ડાઉડ્રાઉ
ઊડ્યા કાગડા
કોં કોં કોં કોં

ઉદા. ખટખટ – નટખટ

પટપટ – ______

ઝટપટ – ______

ગડબડ – ______

- બોલવાની, સાંભળવાની મજા પડે તેવા આવા બીજા શબ્દોની યાદી બનાવો.

ઉદા. અરરર – સરરર

ફરરર – ______

છૂકછૂક – ______

રીમઝીમ – ______

ખળખળ ______

## પ્રશ્ન ૭. હું હસાવું.

નીચેનો ટુચકો સૌને મોટેથી વાંચી સંભળાવો.

સાહેબે લખાવ્યું - આ દુકાનમાં મૂકો.

ટ્રીનટ્રીએ લખ્યું - આદુ કાનમાં મૂકો.

## પ્રશ્ન ૮. હું સાંભળીને લખું.

ટીવી જોતાં જોતાં કે રેડિયો કે વાતચીત સાંભળતાં સાંભળતાં તેમાં તમે સાંભળેલા શબ્દો અહીં લખો.

________________ ________________ ________________

________________ ________________ ________________

________________ ________________ ________________

________________ ________________ ________________

## રચનાત્મક મૂલ્યાંકન :

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | × | ? | ✓ |
| G301 | શબ્દો અને વાક્યોમાં જરૂરી સંકેતોનો ઉપયોગ યોગ્ય રીતે કરે છે. | | | |
| G308 | પ્રકીર્ણ, છૂટાછવાયા લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરે છે. | | | |
| G310 | લેખનની જુદી-જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે. | | | |
| G312 | ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે. | | | |
| G314 | શબ્દનું રૂપાંતર કરી નવા શબ્દો બનાવી તેના અર્થ સમજી શકે છે. | | | |
| G315 | ભાવાત્મક સમાવેશન કરે છે. | | | |

તારીખ. ____________ શિક્ષકની સહી ____________

# ૫. કોરો કાચબો અને ભીનો ચાંદો

**અધ્યયન નિષ્પત્તિ :**

| | |
|---|---|
| G306 | માહિતીલક્ષી લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરે છે. |
| G307 | કાવ્યાત્મક લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરી શકે છે. |
| G310 | લેખનની જુદી-જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે. |
| G312 | ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે. |
| G313 | પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે. |
| G314 | શબ્દનું રૂપાંતર કરી નવા શબ્દો બનાવી તેના અર્થ સમજી શકે છે. |

**પ્રશ્ન ૧. હું લખું.**

'બેરંગ બન્યું રંગીન'નો પાઠ્યપુસ્તકના પાના નંબર ૬૪ પરનો પહેલો ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો.

૧. ચોમાસું એટલે કઈ ઋતુ ?

___

૨. ઘરની આસપાસ એટલે ક્યાં ?

___

૩. આરવે પતંગિયાનું નામ 'બેરંગ' કેમ પાડ્યું ?

___

૪. 'દૂર'નો વિરુદ્ધાર્થી શબ્દ ફકરામાંથી શોધીને લખો.

___

૫. 'દોસ્તી' શબ્દનો ઉપયોગ કરી નવું એક વાક્ય લખો.

___

**પ્રશ્ન ૨. પાના નં. ૬૪ પરના 'બેરંગ બન્યું રંગીન' માંના બીજા, ત્રીજા અને ચોથા ફકરામાંથી દોસ્તોને પૂછવા એક એક સવાલ બનાવીને અહીં લખો.**

સવાલ ૧. : ___

સવાલ ૨. : ______________________________

સવાલ ૩. : ______________________________

## પ્રશ્ન ૩. હું વિચારીને લખું.

વાંચો.

રમાએ ચોખા રાંધવા મૂક્યા. તપેલી પર ઢાંકણ ઢાંક્યું.

ઢાંકણ થોડા સમય પછી ઊંચકાવા લાગ્યું.

નાના ભાઈ રમેશે પૂછ્યું, ‘‘મોટીબહેન, ઢાંકણ કેમ હલી રહ્યું છે ?’’

રમાએ કહ્યું, ‘‘ભઈલા, ઢાંકણની નીચે વરાળ છે એટલે!’’

તો તમે પણ જણાવો કે ખરેખર ઢાંકણ કેમ હલી રહ્યું હશે ?

______________________________

______________________________

______________________________


______________________________

______________________________

## પ્રશ્ન ૪. હું દોરું અને લખું.

નીચેનું ચિત્ર જોઈને તમારું નવું વાંદરું દોરો અને રંગ પૂરો.





લખો.

૧. ચિત્રમાંના વાંદરાનું નામ આપો.

______________________________

૨. તમે દોરેલ વાંદરાનું નામ આપો.

______________________________

૩. બંને વાંદરાને દોસ્તી કરવી હોય તો તેઓ શું કરશે ?

______________________________

______________________________

૪. બંને વાંદરાને એક દિવસ સાથે રાખો તો કેવાં તોફાન કરશે ?

______________________________

______________________________

૫. બંને વાંદરા એકબીજા સાથે શી વાતચીત કરતા હશે ?

______________________________

______________________________

## પ્રશ્ન ૫. હું બનાવું.

૧. રૂમાલ વાળીને તકિયો બનાવો.

૨. રૂમાલ ગડી કરીને પારણું બનાવો.

૩. બંનેમાંથી શું બનાવતાં વધારે સમય લાગ્યો ?

______________________________

૪. બંનેમાંથી ઓછો સમય લાગે તે બનાવવાની રીત લખો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન ૬. હું વિચારીને લખું.**

નીચેની ખાલી જગ્યામાં કયો શબ્દ લખવાથી વાક્ય મજેદાર બની શકે?

ઉદા. જાડિયો છોકરો લપસી પડ્યો.

૧. ____________ કાગડાએ કા..કા.. ગીત ગાયું.

૨. દાદાની ફાંદ તો ____________ જેવી.

૩. ઝાડ પર તો ____________ પાન જ પાન.

૪. તમને મીઠી મીઠી ____________ ખૂબ ભાવે?

૫. હું તો ____________ લેસન પૂરું કરી દઉં.

૬. તેના દાંત કેવા ____________ છે.

**પ્રશ્ન ૭. હું લખું.**



૧. ચિત્રનું વર્ણન કરો.

______________________________

______________________________

______________________________

______________________________

૨. આ ચિત્રમાં તમારે કંઈ ઉમેરવું હોય તો શું દોરશો તે અહીં લખો અને નીચે આપેલ બૉક્સમાં તે દોરો.
ઉદા. હું આકાશમાં સૂરજ દોરીશ.

૩. કાચબાને બદલે માછલીને હંસો માનસરોવર લઈ જઈ શકે? શા માટે?

૪. કાચબાને બદલે દેડકાને માનસરોવર લઈ જવો હોય તો હંસોએ શું કરવું જોઈએ?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## રચનાત્મક મૂલ્યાંકન :

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | × | ? | ✓ |
| G306 | માહિતીલક્ષી લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરે છે. | | | |
| G307 | કાવ્યાત્મક લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરી શકે છે. | | | |
| G310 | લેખનની જુદી-જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે. | | | |
| G312 | ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે. | | | |
| G313 | પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે. | | | |
| G314 | શબ્દનું રૂપાંતર કરી નવા શબ્દો બનાવી તેના અર્થ સમજી શકે છે. | | | |

તારીખ. ____________ શિક્ષકની સહી ____________

# ૬. બતક અને અથવા પણ હંસ

**અધ્યયન નિષ્પત્તિ :**

G305 વર્ણનાત્મક લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરે છે.

G310 લેખનની જુદી-જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

G312 ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે.

G313 પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે.

## પ્રશ્ન ૧. 'ઊંચા ઊંચા ડુંગર ચઢશું' ગીતને આધારે લખો.

| | |
|---|---|
| ચડવું - ચડીશું | ઊતરવું - ઊતરીશું |
| તરવું - તરશું | ________ - ફરશું |
| ________ - કરશું | મલકવું - ________ |
| ચરવું - ________ | ________ - ગાશું |

## પ્રશ્ન ૨. હું તો ચિત્ર જોઈને લખું.

પાઠ્યપુસ્તકના પાના નં. ૮૫ પરનું ચિત્ર જુઓ અને નીચેની ખાલી જગ્યા પૂરો.

૧. ચિત્રમાં ________ બતક છે. (ચાર, પાંચ, છ)

૨. ચિત્રમાં ________ બતકને કલગી છે. (બે, ચાર, એક)

૩. ચિત્રમાં ________ હંસનું બચ્ચું છે. (એક, બે, ત્રણ)

૪. ચિત્રમાં ________ બતકનાં બચ્ચાં છે. (એક, ત્રણ, ચાર)

૫. ચિત્રમાં સૌથી મોટું પક્ષી ________ છે. (બતક, હંસ, કાગડો)

### પ્રશ્ન ૩. હુંય શીખું, તુંય શીખ.

૧. હુંય = હું પણ　　અમેય = ______________

૨. તુંય = ______________ તમેય = ______________

૩. આમેય = ______________ કેમેય = ______________

### પ્રશ્ન ૪. મને સમાનાર્થી શબ્દો આવડે છે હો !

ઉદાહરણ: <u>પંખી</u> સાથે કલરવ કરીશું.

કાગડો મારું પ્રિય <u>પક્ષી</u> છે.

૧. આખરે ખુશીનો દિવસ આવી ગયો.

મારા જન્મદિવસે અમે બહુ આનંદ કર્યો.

ખુશી = ______________

૨. તમારી જેમ આ પણ મારું જ સંતાન છે.

આપણે આપણાં મમ્મી-પપ્પાનાં બાળક કહેવાઈએ.

______________ = ______________

૩. તે સુંદર સરોવર પાસે પહોંચ્યું.

મારા ગામમાં મોટું તળાવ છે.

______________ = ______________

૪. તું મારો મિત્ર બનીશ.

દાદા મારા પાક્કા દોસ્ત છે.

______________ = ______________

૫. અહીંથી થોડાં સરોવર દૂર મારો પરિવાર રહે છે.

અમારા કુટુંબમાં અમે છ લોકો છીએ.

______________ = ______________

## પ્રશ્ન ૫. હું સાચાને ખોટું અને ખોટાને સાચું બનાવી શકું. મને મજા પડે.

પાઠ્યપુસ્તકના પાના નં. ૮૯ પર આપેલાં ખરાં-ખોટાં વિધાન વાંચો. તેમાં ખોટાં વાક્યોને સાચાં કરીને અને સાચાં વાક્યોને ખોટાં કરીને ફરીથી લખો.

૧. ______________________________

______________________________

૨. ______________________________

______________________________

૩. ______________________________

______________________________

૪. ______________________________

______________________________

૫. ______________________________

______________________________

૬. ______________________________

______________________________

## પ્રશ્ન ૬. ઉદાહરણ જુઓ, કૌંસમાં આપેલાં શબ્દનો ઉપયોગ કરી વાક્યો ફરીથી બનાવો. કયું વાક્ય સાચું લાગે છે તેની સામે ✓ કરો.

ઉદાહરણ: મમતા અને પૂજા વાતો કરે છે. (પણ, કે)

મમતા કે પૂજા વાતો કરે છે.

૧. હું આવીશ પણ મમ્મી નહીં આવે. (અને, અથવા)

______________________________ ☐

______________________________ ☐

૨. મને વરસાદમાં નહાવું ગમે પણ મારાં કપડાં પલળે એ ન ગમે. (અને, અથવા)

________________________________ ☐

________________________________ ☐

૩. મને કેળાં ભાવે પણ કેરી ન ભાવે. (અને, અથવા)

________________________________ ☐

________________________________ ☐

૪. તમે મારા ઘરે આજે આવશો કે કાલે ? (અને, પણ)

________________________________ ☐

________________________________ ☐

## રચનાત્મક મૂલ્યાંકન :

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | × | ? | ✓ |
| G305 | વર્ણનાત્મક લખાણમાંથી વાંચન-અર્થગ્રહણ કરે છે. | | | |
| G309 | લેખનની જુદી-જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે. | | | |
| G312 | ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે. | | | |
| G313 | પરિચિત શબ્દ અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે. | | | |

તારીખ. ____________  શિક્ષકની સહી ____________

# ૭. એક છલાંગે દરિયો કૂદો

G304 કાવ્યાત્મક લખાણમાંથી શ્રવણ/અર્થગ્રહણ કરે છે. સાહિત્યિક લખાણ સાંભળીને સમજી શકે છે.

G305 વર્ણનાત્મક લખાણમાંથી વાચન અર્થગ્રહણ કરી શકે છે.

G308 પ્રકીર્ણ, છૂટાછવાયા લખાણમાંથી વાચન અર્થગ્રહણ કરે છે.

G310 લેખનની જુદી-જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

G312 ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે.

G313 પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે.

**પ્રશ્ન ૧. નીચેનાં વાક્યો કોણ ન બોલી શકે તે પાઠના આધારે કૌંસમાંથી પસંદ કરો.**

૧. પૂંછડી મારી સાજી રહી. (હનુમાન/રાવણ) ____________

૨. હનુમાન, આજે તો આપણે નહીં રમીએ, મારે બહુ કામ છે. (માતા, હનુમાન) ____________

૩. મહારાજ, આ વાનર તો બહુ જ ડાહ્યો છે. તેણે આપણી અશોકવાટિકામાં કોઈ જ નુકસાન નથી કર્યું. (સૈનિક, રાવણ) ____________

૪. આ વાનરને જેલમાં ન પૂરતા, તેનું સન્માન કરો. (રાવણ, હનુમાન) ____________

૫. તમે આસન નહીં આપો તો ચાલશે હું ઊભો રહીશ. (રામ, હનુમાન) ____________

**પ્રશ્ન ૨. પાઠમાં આવતા કેટલાક શબ્દોના અર્થ આપવામાં આવ્યા છે. તેને જોઈને તેની સામે પાઠમાં આવતા તેના સમાનાર્થી શબ્દ શોધો અને તે વાક્ય ફરીથી લખો. (તેમાં [ ] માં આપેલ ક્રમ એ પાના નંબર છે. જેથી તમને એ શબ્દ શોધવામાં સરળતા રહેશે.)**

ઉદાહરણ: ધીમે ધીમે હસવું - મરક મરક હસવું [૧૦૪]

એ તો મરક મરક હસતા રહ્યા.

૧. થોડા થોડા સમયે ____________ [૧૦૪]

વાક્ય: ____________

૨. દરિયાને પાર કરીને ______________________ [૧૦૭]

વાક્ય: ______________________

૩. બગાડી નાખવું ______________________ [૧૦૭]

વાક્ય: ______________________

૪. પૂંછડીનું આસન ______________________ [૧૦૮]

વાક્ય: ______________________

૫. જુદી જુદી જગ્યાએ ______________________ [૧૦૯]

વાક્ય: ______________________

## પ્રશ્ન ૩. જાહેરાત જુઓ અને પ્રશ્નોના જવાબ આપો.

**એકલવ્ય પ્રાથમિક શાળા – વડોદરા**

**"છોટા હનુમાન હરીફાઈ"**

**સૌથી ઊંચું કૂદો અને ઇનામ જીતો**

**સમય:** સવારે ૮ થી ૧૧ (ફક્ત શાળાનાં બાળકો માટે જ)
**તારીખ:** ૩ જાન્યુઆરી, ૨૦૨૧ – શનિવાર
**સ્થળ:** શાળાનું મેદાન

સંપર્ક
પવનકુમાર
મોબાઈલ: ૯૧૧૧૧૧૨૧૧૩

૧. સ્પર્ધાનું નામ શું છે ?

______________________

૨. સ્પર્ધાનું નામ 'છોટા હનુમાન હરીફાઈ' કેમ રાખ્યું હશે ?

______________________

૩. સ્પર્ધાનો સમય શો છે ?

___

૪. સ્પર્ધા કઈ શાળાના મેદાનમાં છે ?

___

૫. શું અમદાવાદમાં ભણતાં બાળકો સ્પર્ધામાં ભાગ લઈ શકશે ?

___

## પ્રશ્ન ૪. પ્રશ્નોના જવાબ કાવ્ય પરથી આપો.

હનુમાનજી, દેજો સંદેશો મારા રામને
આટલું કે'જો મારા રામને ... હનુમાનજી.
  અશોકવનમાં ઝૂરી રહી છું,
  રામના વિયોગની વેદના સહું છું,
  વહેલા મોકલજો મારા રામને ... હનુમાનજી.
લંકાની નગરી તો સોને મઢેલી
રાક્ષસોની ભૂમિ છે દગા ભરેલી
એવું કહેજો મારા રામને ... હનુમાનજી.
  લંકાની નગરીનો રાજા રાવણ છે
  દસ એના મસ્તક ને વીસ એના હાથ છે,
  ચેતાવી દેજો મારા રામને ... હનુમાનજી.

**પ્રશ્નો:**

૧. હનુમાનજી સંદેશો આપે તો એ શું બન્યા કહેવાય ?

(અ) ડૉક્ટર (બ) દૂત (ક) શિક્ષક (ડ) વિદ્યાર્થી ☐

૨. ''રામના વિયોગની વેદના સહું છું'' એટલે ...

(અ) રામના આવવાની રાહ જોઉં છું.

(બ) રામ નથી, આથી દુઃખી છું.

(ક) રામની બદલે હું વેદ વાંચું છું.

(ડ) રામ સાથે નથી જવું તોય એ પરાણે લઈ જશે એટલે દુઃખી છું.

૩. 'વહેલા મોકલજો મારા રામને ...' આવું હનુમાનજીને કોણ કહે છે ?

(અ) રાવણ (બ) સૈનિક (ક) માતા અંજલી (ડ) સીતા

૪. 'માથું' શબ્દ માટે કાવ્યમાં કયો શબ્દ છે ?

(અ) મસ્તક (બ) મારા (ક) રાજા (ડ) હાથ

૫. દેજો : લેજો :: વહેલા : ______________ ?

(અ) કે'જો (બ) મોડા (ક) મોકલજો (ડ) કહેજો

**પ્રશ્ન ૫. શબ્દને યોગ્ય રીતે જોડી વાક્ય બનાવો.**

ઉદાહરણ:

| શબ્દ | વિકલ્પો | વાક્ય |
|---|---|---|
| ગુલાબ: | ઊંડું, કડવું, ગુલાબી | વાક્ય: મને ગુલાબી ગુલાબ ગમે છે. |
| ૧. ઘોડો: | સફેદ, ખાટો, ખડખડાટ | વાક્ય: |
| ૨. કૂદકો: | દયાળું, કાળો, ઊંચો | વાક્ય: |
| ૩. ઘર: | મોટું, મીઠો, લાલ | વાક્ય: |

## રચનાત્મક મૂલ્યાંકન :

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | × | ? | ✓ |
| G304 | કાવ્યાત્મક લખાણમાંથી શ્રવણ/અર્થગ્રહણ કરે છે. સાહિત્યિક લખાણ સાંભળીને સમજી શકે છે. | | | |
| G305 | વર્ણનાત્મક લખાણમાંથી વાચન અર્થગ્રહણ કરી શકે છે. | | | |
| G308 | પ્રકીર્ણ, છૂટાછવાયા લખાણમાંથી વાચન અર્થગ્રહણ કરે છે. | | | |
| G310 | લેખનની જુદી-જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે. | | | |
| G312 | ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે. | | | |
| G313 | પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે. | | | |

તારીખ. ________________ શિક્ષકની સહી ____________

# ૮. કીડી હતી કે હાથી હશે ?

**અધ્યયન નિષ્પત્તિ :**

G301 શબ્દો અને વાક્યોમાં જરૂરી સંકેતોનો ઉપયોગ યોગ્ય રીતે કરે છે.

G303 કથન/વર્ણનાત્મક લખાણમાંથી અર્થ તારવી શકે છે.

G312 ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે.

G313 પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે.

## પ્રશ્ન ૧. નીચેનાં પ્રાણીઓ ક્યાં સંતાય તો તેમનો થપ્પો થઈ જાય એ શોધી જોડકાં જોડો.

| | |
|---|---|
| કીડી | ટેબલ ઉપર<br>દરમાં<br>ધાબા ઉપર |
| કબૂતર | ડાળ ઉપર<br>મોટા ગુલાબના છોડના કૂંડા પાછળ<br>ઝાડના થડ પાછળ |
| કૂતરું | ધાબાની પાળી ઉપર<br>નાનકડા બારણા પાછળ<br>ટાંકીમાં |
| મોર | પહાડ પાછળ<br>ઝાડ ઉપર<br>ઘરની દીવાલ પાછળ |
| હાથી | ઘરની પાછળ<br>પહાડ પાછળ<br>ઘરની બારી પાસે |
| માછલી | નાના પથ્થર ઉપર<br>મોટી માછલી પાછળ<br>તળાવના તળિયે |

## પ્રશ્ન ૨. નીચેના પ્રશ્નોના જવાબ આપો.

૧. 'એનઘેન દીવાઘેન' વાર્તામાં કયા બે મિત્રોની વાત છે ?

______________________________

______________________________

૨. ચંદુ અને ટીકુ કઈ રમત રમ્યાં ?

______________________________

______________________________

૩. ટીકુ ક્યાં સંતાઈ હતી ? જેથી ચંદુ તેને પકડી ન શક્યો ?

______________________________

______________________________

૪. ચંદુ શા માટે જોરથી હસી પડ્યો ?

______________________________

______________________________

૫. ચંદુ અને ટીકુ થપ્પો રમતા ત્યારે દાવ દેતી વખતે પહેલાં શું બોલતાં

______________________________

______________________________

## પ્રશ્ન ૩. નીચે લીટી કરેલ અક્ષર પરથી ઉદાહરણ મુજબ શબ્દો બનાવો.

ઉદાહરણ: આ<u>શ્ર</u>મ = શ્રવણ, શ્રાવણ, શ્રમિક

૧. પુ<u>ચ્છ</u> - તુચ્છ = __________ , __________ , __________

૨. વિ<u>શ્વા</u>સ = __________ , __________ , __________

**પ્રશ્ન ૪. વરસાદ આવે ત્યારે આકાશ કેવું હોય તેના વિશે ત્રણથી ચાર વાક્ય લખો.:**

**પ્રશ્ન ૫. વાક્ય સાચું બનાવી ફરીથી લખો.**

ઉદાહરણ: હું અત્યારે ગુજરાતી ભણું <u>હતો.</u> (છું, હોઈશ)

હું અત્યારે ગુજરાતી ભણું છું.

૧. રેશ્મા આવતીકાલે મારા ઘરે <u>આવી છે.</u> (આવશે, આવી હતી)

૨. મમ્મીએ ગઈકાલે મને બહુ જ <u>હસાવશે.</u> ( હસાવે છે, હસાવ્યો)

૩. કુંજ અને ખ્યાતિ દરરોજ નિશાળે <u>આવી ગયા.</u> (આવ્યા હતા, આવે છે)

૪. દાદાના ચશ્મા ખોવાઈ ગયા, મેં નથી <u>સંતાડુ.</u> (સંતાડીશ, સંતાડ્યા)

૫. મને પરી અને રાજાની વાર્તા બહુ જ ગમે <u>હતી.</u> (છે, હશે)

**પ્રશ્ન ૬. નીચેનો કોઠો સમજી ઉદાહરણ પ્રમાણે વાક્ય બનાવો.**

| વસ્તુ | ક્યાં હોય ? |
|---|---|
| ૧. ઝાડ | : આકાશમાં |
| ૨. સાપ | : નિશાળમાં |
| ૩. વિમાન | : જમીન ઉપર |
| ૪. ચકલીનો માળો | : દરમાં |
| ૫. શિક્ષક | : ઝાડ ઉપર |

ઉદાહરણઃ ઝાડ જમીન ઉપર હોય છે.

૧. ____________________

૨. ____________________

૩. ____________________

૪. ____________________

૫. ____________________

**રચનાત્મક મૂલ્યાંકન :**

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | × | ? | ✓ |
| G301 | શબ્દો અને વાક્યોમાં જરૂરી સંકેતોનો ઉપયોગ યોગ્ય રીતે કરે છે. | | | |
| G303 | કથન/વર્ણનાત્મક લખાણમાંથી અર્થ તારવી શકે છે. | | | |
| G312 | ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે. | | | |
| G313 | પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે. | | | |

તારીખ. ______________ શિક્ષકની સહી ______________

# ૯. રંગબેરંગી મસાલિયું

**અધ્યયન નિષ્પત્તિ**

G302 વિવિધ સંકેતોને શબ્દો/વાક્યોમાં રૂપાંતર યોગ્ય રીતે કરે છે.

G305 વર્ણનાત્મક લખાણમાંથી વાચન અર્થગ્રહણ કરી શકે છે.

G306 માહિતીલક્ષી લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરે છે.

G312 ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે.

G313 પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દો શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે.

G314 શબ્દોનું રૂપાંતર કરી નવા શબ્દો બનાવી તેના અર્થ સમજી શકે છે.

**પ્રશ્ન ૧. તમને કયા શાકભાજીમાંથી બનેલું શાક બહુ ભાવે? તે શાકભાજી વિશે લખો.**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

**પ્રશ્ન ૨. ખોરાક પરથી તેના સ્વાદ લખો અને તમને ભાવે કે ન ભાવે તે પણ લખો. વાક્ય બનાવો.**

| | અ | બ | ક |
|---|---|---|---|
| ઉદા. | મધ | ગળ્યું | ભાવે |

વાક્ય: મને મધ ભાવે છે કારણ કે તે ગળ્યું હોય છે.

| (અ) | (બ) | (ક ) |
|---|---|---|
| | સ્વાદ | ભાવે છે કે ભાવતું નથી ? |
| ૧. મીઠું | ________ | ________ |
| ૨. કારેલાંનું શાક | ________ | ________ |
| ૩. કાચી કેરી | ________ | ________ |
| ૪. મરચું | ________ | ________ |
| ૫. જલેબી | ________ | ________ |

ઉદાહરણની જેમ વાક્ય પરથી વાક્યો બનાવો.

૧. ________________

૨. ________________

૩. ________________

૪. ________________

૫. ________________

પ્રશ્ન ૩. પાઠ્યપુસ્તકના પાના નં. ૧૪૩ પર જુઓ અને તેમાંથી નીચેના પ્રશ્નોના જવાબ આપો.

૧. શીરીને તીખા વ્રતમાં શું શું ખાધું ?

________________

૨. શીરીને બીજું વ્રત ક્યું કર્યું

________________

૩. દાદીએ શીરીનને શું કહ્યું ?

________________

૪. શીરીનનું છેલ્લું વ્રત ક્યું હતું ?

________________

૫. તમને વ્રત કરવાનું કહે તો તમે ક્યું વ્રત કરો ?

________________

## પ્રશ્ન ૪. ફકરા પરથી જવાબ લખો.

સ્વીટુને અવનવી વસ્તુઓ બનાવવી ખૂબ ગમે. ક્યારેક તે રસોડામાંથી ચપ્પુ અને પપ્પાની કાતર લઈને બેસે. તેને તપાસવું હોય કે બેમાંથી વધારે અણીદાર શું ? પપ્પા દોડીને આવે અને સ્વીટુને સમજાવે. ''વાગી જાય.'' ક્યારેક વળી તે ઘરના ઝાંપા પર હીંચકો ખાય તો ક્યારેક હીંચકાના સળિયા પર ચઢી જાય. ફોઈ હાંફળાં-ફાંફળાં થઈ આવે અને ઉતારીને પૂછે, ''શું કરે છે?'' સ્વીટુ સામો પ્રશ્ન પૂછે, ''બેમાંથી શું ઊંચું ?''

૧. સ્વીટુને અવનવી વસ્તુઓ બનાવવી ખૂબ ગમે. આ વાક્યનો અર્થ નીચેનામાંથી ક્યા વાક્ય સાથે મળતો આવે છે ?

(અ) સ્વીટુને નવી નહિ એવી વસ્તુઓ બનાવવી ગમે.

(બ) સ્વીટુને જુદી-જુદી વસ્તુઓ બનાવવાનો શોખ હતો.

(ક) સ્વીટુને અવનવી વસ્તુઓ રમવી ખૂબ ગમતી.

(ડ) સ્વીટુને અવનવી વસ્તુઓ બગાડવી બહુ ગમતી.

૨. સ્વીટુની પ્રવૃત્તિઓથી કહી શકાય કે સ્વીટુને....

(અ) તોફાન કરવું ગમે છે. (બ) ઝઘડા કરવા ગમે છે.

(ક) નવું નવું જાણવું ગમે છે. (ડ) રડવું ગમે છે.

૩. ફોઈ હાંફળાં-ફાંફળાં થઈ આવે એટલે ?

(અ) ફોઈ ગભરાતાં ગભરાતાં આવે (બ) ફોઈ રડતાં રડતાં આવે

(ક) ફાઈ સ્વીટુને વઢતાં-વઢતાં નીચે ઉતારે (ડ) ફોઈબા સ્વીટુને હસાવે

૪. બેમાંથી વધારે અણીદાર શું ? - આ વાક્યનું વિરોધી વાક્ય શોધો.

(અ) બેમાંથી વધારે ધારદાર શું ? (બ) બધામાંથી ઓછું અણીવાળું શું ?

(ક) બેમાંથી શેમાં વધુ અણી નીકળે. (ડ) બેમાંથી વધારે બુઠ્ઠું શું ?

## પ્રશ્ન ૫. ઉદાહરણ મુજબ શબ્દો બનાવો.

| | | |
|---|---|---|
| ૧. અણી | <u>અણીદાર</u> | <u>અણીવાળું</u> |
| ૨. પાણી | ______ | ______ |
| ૩. ધાર | ______ | ______ |
| ૪. જુસ્સો | ______ | ______ |
| ૫. માલ | ______ | ______ |

## રચનાત્મક મૂલ્યાંકન :

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | × | ? | ✓ |
| G302 | વિવિધ સંકેતોને શબ્દો/વાક્યોમાં રૂપાંતર યોગ્ય રીતે કરે છે. | | | |
| G 05 | વર્ણનાત્મક લખાણમાંથી વાચન અર્થગ્રહણ કરી શકે છે. | | | |
| G306 (3) | માહિતીલક્ષી લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરે છે. | | | |
| G312 | ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે. | | | |
| G313 | પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દો શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે. | | | |
| G314 | શબ્દોનું રૂપાંતર કરી નવા શબ્દો બનાવી તેના અર્થ સમજી શકે છે. | | | |

તારીખ. ________________ શિક્ષકની સહી ________________

# ૧૦. ચાલો સૌને રમત મુબારક

**અધ્યયન નિષ્પત્તિ :**

| | |
|---|---|
| G302 | વિવિધ સંકેતોને શબ્દો/વાક્યોમાં રૂપાંતર યોગ્ય રીતે કરે છે. |
| G303 | કથન/વર્ણનાત્મક લખાણમાંથી અર્થ તારવી શકે છે. |
| G305 | વર્ણનાત્મક લખાણમાંથી વાચન અર્થગ્રહણ કરે છે. |
| G310 | લેખનની જુદી-જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે. |
| G311 | દૃશ્યાત્મક અભિવ્યક્તિ કુશળતાથી કરી શકે છે. |
| G312 | ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે. |
| G315 | ભાવાત્મક સમાવેશન કરે છે. |

**પ્રશ્ન ૧. હું પાઠ્યપુસ્તકના પાના નં. ૧૫૫ પરનું ચિત્ર જોઈશ. તેના વિશે ચાર-પાંચ વાક્ય લખીશ પણ ખરો.**

## પ્રશ્ન ૨. હું તો ગીતડું ગાઉં ને લખું.

ઉદાહરણ પ્રમાણે લખો : <u>રેલ</u> <u>રેલમછેલ</u> <u>રમશું</u> <u>રમતાં રમતાં</u>

| | | | |
|---|---|---|---|
| ૧. ડોલ | ________ | ગમશું | ________ |
| ૨. ખેલ | ________ | પહેરશું | ________ |
| ૩. ઠેલ | ________ | ખાશું | ________ |

## પ્રશ્ન ૩. મને વાંચીને જવાબ આપવા બહુ ગમે.

એને આમ લટકતો જોઈને એક વડીલને બીક લાગી. છોકરો કદાચ પડી જશે. એમણે કહ્યું, ''બિલે! આમ ઊંધા લટકીને હીંચકા ન ખવાય. કદાચ વાગી બેસશે.'' વડીલની શિખામણ બિલેના ગળે ન ઊતરી એટલે એમણે કહ્યું: ''અરે! આ ઝાડ પર તો બ્રહ્મરાક્ષસ નામનું ભૂત રહે છે. એ આવી જશે.'' બિલે ખડખડાટ હસી પડ્યો. એણે કહ્યું ' ''ભૂત આવશે તો હું એને પણ મારી સાથે હીંચકા ખવડાવીશ.'' વડીલ તો આંખો ફાડીને એને જોઈ જ રહ્યા. આપણો બિલે તો વડલાની ડાળે ટાંટિયા લટકાવીને મોજથી હીંચકતો રહ્યો.

આ બિલેનું સાચું નામ હતું નરેન્દ્ર. આપણે સહુ તેમને સ્વામી વિવેકાનંદ તરીકે ઓળખીએ છીએ.

### ફકરા પરથી પ્રશ્નના જવાબ આપો:

૧. 'શિખામણ બિલેના ગળે ન ઊતરી' નો અર્થ નીચેનામાંથી ક્યા વાક્ય જેવો થાય ?

(અ) બિલેને શિખામણ ગળામાં અટકી ગઈ.

(બ) બિલેએ શિખામણ ન માની.

(ક) એ શિખામણ બિલેને ન સમજાઈ.

૨. ''તુંય મારા ભેગો રમ ને!'' નો અર્થ ...

(અ) તું જ મારી સાથે રમ.

(બ) તું પણ મારી સાથે રમ.

(ક) તું મારી સાથે ન રમીશ તો હું તને ભાગ આપીશ.

૩. ઊંધા × સીધા :: હસ્યો × ______

૪. વડીલ તો <u>નવાઈ પામીને</u> એને જોઈ જ રહ્યા. - લીટી કરેલ શબ્દો માટે ફકરામાં કયો શબ્દ વાપર્યો છે તે જુઓ અને ફરીથી વાક્ય નીચે લખો.

______

**પ્રશ્ન ૪. 'મારી પ્રિય રમત' વિશે ચાર-પાંચ વાક્ય લખીશ.**

______

______

______

______

______

______

______

______

______

**પ્રશ્ન ૫. વાક્યો વાંચી કૌંસમાંથી લાગુ પડતાં વિધાનો ખાલી જગ્યામાં લખો.**

(મજા આવી, ગુસ્સો આવ્યો, શરમ આવે, બીક લાગે, ખૂબ ખુશ થઈ.)

૧. દિયા પ્રથમ નંબરે પાસ થઈ એટલે તે ______

૨. કુંજ અને તેના ભાઈબંધો નદીકિનારે ફરવા ગયા. તેમને ______

૩. વિપુલને અંધારામાં ખૂબ ______

૪. ગંદા કપડાં પહેરી શાળાએ જવામાં મને ______

૫. વિશાલને ખ્યાતિને ધક્કો માર્યો એટલે ખ્યાતિને ______

**પ્રશ્ન ૬. આપેલ ચિત્રમાં બાળકો કઈ કઈ રમતો રમે છે ? તમે રમતાં હોય તેવી રમતો વિશે લખો.**



૧. ____________________

૨. ____________________

૩. ____________________

૪. ____________________

૫. ____________________

**રચનાત્મક મૂલ્યાંકન :**

| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિઓ | | |
|---|---|---|---|---|
| | | × | ? | ✓ |
| G302 | વિવિધ સંકેતોને શબ્દો/વાક્યોમાં રૂપાંતર યોગ્ય રીતે કરે છે. | | | |
| G303 | કથન/વર્ણનાત્મક લખાણમાંથી અર્થ તારવી શકે છે. | | | |
| G305 | વર્ણનાત્મક લખાણમાંથી વાચન અર્થગ્રહણ કરે છે. | | | |
| G310 | લેખનની જુદી-જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે. | | | |
| G311 | દૃશ્યાત્મક અભિવ્યક્તિ કુશળતાથી કરી શકે છે. | | | |
| G312 | ભાષાસજ્જતા તેમજ વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખે-સમજે છે તથા તેનું વ્યવહારુ ઉપયોજન કરી શકે છે. | | | |
| G315 | ભાવાત્મક સમાવેશન કરે છે. | | | |

તારીખ. ____________ શિક્ષકની સહી ____________

# નોંધ

# નોંધ

# નોંધ